**સુવિચાર**

તમે જીવનમાં સાચું સુખ માણવા માંગતા હોય તો પોતાની સરખામણી ક્યારેય બીજાની સાથે નહી પણ પોતાની સાથે જ કરો.

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૧/૦૬/૨૦૨૩, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.








તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ-પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ જેઠ સુદ-૧૨ વર્ષ : ૧૫ અંક : ૧૪૩


## ધરતી અપની મા, ધરતી માતા દયા કરો, મોતી ખેતોમે ભરદો, સોનેકી હમે ફસલે દો, ખુશિયો કે હમે આંસુ દો

# અમરેલી જિલ્લામાં અનેક સ્થળોએ ભીમ અગિયારસે વાવણીકાર્ય શરૂ

જે ખેતરોમાં પાણીની વ્યવસ્થા છે તેવા ખેડૂતોએ શુકનવંતા દિને અનેક આશાઓ સાથે વાવણી કાર્યનો કર્યો પ્રારંભ

અમરેલી જિલ્લાનાં ખેડૂતો અનેક મુશ્કેલી અને પડકારો વચ્ચે પણ નિરાશ થયા વગર લોહી-પાણી એક કરીને ખેતી કાર્ય કરી રહ્યા છે

કાળઝાળ ગરમી વચ્ચે પણ અનેક ખેડૂતોએ શ્રમિકોની સંગાથે વિધિવત વાવણી કાર્યનો કર્યો પ્રારંભ

ખેતીકાર્ય દિનપ્રતિદિન કઠીન થઈ રહ્યું હોવા છતાં પણ ખેડૂતો જગતનું પેટ ભરવા માટે હિંમતભેર ખેતીકાર્ય કરીને પ્રેરણારૂપ બની રહ્યા છે







સાવરકુંડલા, તા. ૩૧

ચોમાસાની હજુ વાર છે પણ આજે ભીમ અગિયારસના મુહર્તને શુકનને લઈને અમરેલી જિલ્લામાં ખેડૂતોના કુવામાં પાણી હોય તેવા ખેડૂતોએ વાવણી કાર્યનો શુભારંભ કરી દીધો છે.

અમરેલી જિલ્લામાં મુખ્યત્વે કપાસ અને મગફળીનું વાવેતર ચોમાસામાં વધુ થતું હોય. ત્યારે અમરેલી જિલ્લામાં આજે ભીમ અગિયારસના મુહર્ત ભર્યા શુકનવંતા દિવસોમાં વાવણીના શ્રી ગણેશ ખેડૂતોએ કર્યા છે. આજે ભીમ અગિયારસના પર્વને ધ્યાને લઈને અમરેલી જિલ્લાના કુવામાં પાણી હોય તેવા ખેડૂતોએ શુકનવંતા દિવસને શુભ માનીને આજથી વાવણીના શ્રી ગણેશ શરૂ કરી દીધા છે. સવારે જ બળદને જોડીને હળ માં ટિલા ટપકા કરીને ભગવાનને ધ્યાન ધરીને આજના દિવસમાં કપાસનું વાવેતર શરૂ કર્યુ છે. આજનો દિવસ ખેડૂતો વધુ શુભ માને છે ને આજના દિવસથી જો ખેતી કામ શરૂ કરીને વાવેતર કરીએ તો પાક સારો આવે તેવી જુનવાણી પરંપરાને અનુલક્ષીને આજથી અમરેલી જિલ્લાના તાલુકા મથકો પર જયા કુવામાં પાણી હોય તેવા ખેડૂતોએ વાવણી શરૂ કરી દીધી છે.

કપાસનું વાવેતર કર્યુ હોવાનું કનુભાઈ પટેલ નામના ખેડૂતે જણાવ્યું હતું કે, ભીમ અગિયારસના શુભ મુહર્તે આજથી જ મજૂર કરીને ખેતર વાડીને ખેડ કરીને કપાસ સોંપવાની કામગીરી શરૂ થઈ ગઈ છે. એક તો કાળઝાળ ઉનાળો છે ને પરસેવે રેબઝેબ ખેડૂતો ખેતરોમાં કપાસની વાવણીમાં મશગુલ થઈ ગયા છે. હાલ કપાસના ભાવો નથી ને ખાતર


**અનુસંધાન પાના ૬ ઉપર**


## A1-૨૨, A2-૪૦૧, B1-૧૨૮૬ પરીક્ષાર્થીઓ પાસ

# અમરેલી જિલ્લામાં ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં ૭૬.૫૪ ટકાનું પરિણામ : સૌથી વધુ ૮૯.૦૮ જાફરાબાદ કેન્દ્રનું નોંધાયું

## સૌથી ઓછું ૬૫.૨૮ ટકા પરિણામ ચલાલા કેન્દ્રનું નોંધાયું

અમરેલી, તા. ૩૧


ગત માર્ચ મહિનામાં ગુજરાત બોર્ડ ધ્વારા ધોરણ ૧૨ નાં સામાન્ય પ્રવાહની પરીક્ષા યોજવામાં આવેલ હતી. જેનું પરિણામ આજે બોર્ડ ધ્વારા જાહેર કરવામાં આવતાં અમરેલી જિલ્લાનું કુલ ૭૬.૫૪ ટકા પરિણામ આવેલ છે. જેમાં સૌથી ઉંચુ પરિણામ જાફરાબાદ કેન્દ્રનું ૮૯.૦૮ ટકા અને સૌથી ઓછું પરિણામ ચલાલા કેન્દ્રનું ૬૫.૨૮ ટકા જાહેર થવા પામેલ છે.

માર્ચ મહિનામાં યોજાયેલ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં કુલ ૧૦૨૧૯ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જે પૈકી ૧૦૧૭૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જે પૈકી કુલ ૭૬.૫૪ ટકા વિદ્યાર્થીઓએ ધોરણ ૧૨ ની પરીક્ષા પાસ કરી આગળ અભ્યાસની તૈયારીઓ શરૂ કરેલ છે.

આજે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું જાહેર થયેલ પરિણામાં એ–વનમાં ૨૨, એ–ટુમાં ૪૦૧, બી–વનમાં ૧૨૮૬, બી–ટુમાં ૧૯૯૦,


**અનુસંધાન પાના ૬ ઉપર**














બેરોજગારીનાં માહોલમાં અનેક યુવકો અમૂલ્ય જીંદગી ગુમાવી રહ્યાં છે

# અરેરાટી : રાજુલા પંથકના રત્નકલાકારને કામ ઓછું મળતાં ચિંતામાં આત્મહત્યા કરી

## પરિવારની ચિંતામાં ઝેરી દવા પી અંતિમવાટ પકડી

અમરેલી, તા. ૩૧

રાજુલાનાં વાડી વિસ્તારમાં રહેતા મહેશભાઈ ખોડાભાઈ મકવાણા નામના ૨૫ વર્ષિય યુવક હીરાકામ કરતાં હોય અને હીરામાં કામ ખુબ જ ઓછું થતું હોય, જેમાંથી પરિવારનો ખર્ચ માંડ નિકળતો હોય, જેથી ભવિષ્યમાં મારા પરિવારનું શું થશે ? તેવી ચિંતા રહેતી હોય અને ચિંતામાંને ચિંતામાં લાગી આવતા પોતે પોતાની મેળે રાજુલનાં જૂના કડીયાળી રોડ તા.૩૦નાં રોજ કપાસમાં છાંટવાની ઝેરી દવા પી લેતા તેમનું મોત થયાનું રાજુલા પોલીસમાં જાહેર થવા પામેલ છે. આ બનાવની તપાસ રાજુલા પોલીસનાં હેડકોન્સટેબલ બી.એમ. વાળા ચલાવે છે.

સિંહ, દીપડાઓ બાદ હવે રખડુ શ્વાન પણ હિંસક બન્યા

# અરેરાટી : દામનગરનાં ગ્રામ્ય વિસ્તારનાં વાડી વિસ્તારમાં ૩ વર્ષનાં બાળકને અર્ધો ડઝન જેટલા શ્વાને મોતને ઘાટ ઉતાર્યો

## વાડી વિસ્તારમાં શ્રમિક પરિવારનો બાળક રમતો હોય શ્વાનનું ટોળુ આવી ચડયું

અમરેલી, તા. ૩૧

અમરેલી જિલ્લામાં સિંહ, દીપડાઓ ગ્રામ્ય વિસ્તારમાં ઘુસી જઈ છાશવારે માનવી તથા પાલતું પ્રાણીઓ ઉપર હુમલા કરી મોત નિપજાવી રહ્યાં છે અથવા તો ઘાયલ કરી દેતા હોય છે. ત્યાં દામનગર પંથકમાં ગઈકાલે વાડી વિસ્તારમાં રમી રહેલ એક ૩ વર્ષનાં બાળકને ૫ થી ૬ જેટલા કુતરાઓએ આવી બાળકને ઢસડી, ચુંથી નાખી ફાડી ખાતા અને ગંભીર ઈજાઓ કરતા તેમનું મોત નિપજયાનું દામનગર પોલીસમાં જાહેર થતાં આ પંથકમાં ભારે અરેરાટી ફેલાય છે.

આ બનાવમાં છોટા ઉદેપુર તાલુકાનાં જેતપુર થાવી ગામનાં વતની અને હાલ દામનગર ગામ નજીક આવેલ એક ખેડૂતની વાડીમાં રહેતા નીરવનભાઈ મનુભાઈ રાઠવા નામનાં શ્રમિકનો પૌત્ર રોનક (ઉ.વ. ૩) ગઈકાલે ઢસા રોડ ઉપર આવેલ મધુભાઈ વલ્લભભાઈ સિધ્ધપરાની વાડીમાં રમતો હતો ત્યારે અચાનક જ ત્યાં ૫ થી ૬ જેટલા કુતરાઓ ધસી આવ્યા હતા અને તેમણે ખેતરમાં રમી રહેલા આ ૩ વર્ષિય બાળકને ઘેરી લઈ અને ઢસડી આમથી તેમ ફંગોળી આ બાળકને ફાડી ખાધો હતો. કુતરાઓએ આ બાળકને ડાબા કાન, માથાના ભાગે, પીઠનાં પાછળના ભાગે ગંભીર ઈજાઓ કરી હતી. આ બનાવથી ભારે ચકચાર મચી છે.

આ બનાવની જાણ દામનગર પોલીસમાં થતાં પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.


જિલ્લામાં બેફામ ગતિ અને બિસ્માર માર્ગો અકસ્માતને નોતરે છે

# સાવરકુંડલાના અમરેલી માર્ગ ઉપર ટ્રક અને ડબલ સવારી બાઈક વચ્ચે અકસ્માત થતાં એક વ્યકિતનું મોત

## બાઈક સવાર કિશનભાઈ મકવાણાનું મોત થયું

સાવરકુંડલા, તા. ૩૧

સાવરકુંડલાનાં અમરેલી બાયપાસ નજીક કન્ટેનર ટ્રક અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા બાઈક સવાર બે વ્યકિતઓમાંથી એકનું સારવાર દરમ્યાન મૃત્યુ થયેલ હતું. જયારે અન્ય એક યુવકને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં સારવારમાં ૧૦૮ દ્વારા ખસેડવા આવ્યો. જાણવા મળતી માહિતી મુજબ બપોરના સુમારે સાવરકુંડલાના અમરેલી બાયપાસ રોડ પાસે કન્ટેનર ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હોવાની વિગતો મળતા સાવરકુંડલાના ૧૦૮નાં પાયલોટ ગૌતમ કુબાવત અને ઈ.એમ.ટી. દિનેશ ગોહિલ પૂરપાટ ઝડપે ઘટના સ્થળે પહોંચીને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સાવરકુંડલા સિવિલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જેમાં બાઈકમાં સવાર રફીકભાઈ જમાલભાઈ કુરેશી ઉ.વ. ૩૫ ને પગના ભાગે ઈજાઓ પહોંચી હતી. જયારે કિશન મકવાણા ઉ.વ.૧૦ને



માથાનાં ભાગે ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક ૧૦૮માં જ અમરેલી રીફર કરવામાં આવ્યો હતો પણ સારવાર દરમ્યાન કિશન મકવાણા મોતને ભેટયો હતો ત્યારે બાયપાસ રોડ બનવા છતાં બેફામ ચાલતા મસમોટા વાહનો અકસ્માત સર્જતા હોય ત્યારે તંત્ર દ્વારા રોડ પર પૂરપાટ ચાલતા વાહનો સામે પગલા ભરવાની માંગ ઉઠવા પામી છે.

દરિયો અને મહાકાય તળાવો નજીકમાં હોય તો પણ પરેશાની

# રાજુલાનાં પટવા ગામ નજીક દરિયામાં ન્હાવા પડેલ ચાર યુવકો પાણીમાં ડૂબતા દોડધામ

## આશાસ્પદ એક યુવકનાં મોતથી શોકનો માહોલ

અમરેલી, તા. ૩૧, રાજુલાનાં પટવા ગામ નજીક દરિયામાં ન્હાવા પડેલ ૪ યુવકો અચાનક ડૂબવા લાગતા સૌ કોઈને જાણ થતાં જાગૃત નાગરિકો, રાજકીય આગેવાનોએ જીવનાં જોખમે ચારમાંથી ત્રણ યુવકોને ડૂબતા બચાવ્યા હતા અને પટવા ગામનાં એક યુવકનું મોત થતાં નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ ઉભો થયો છે.

ખાંભા નજીક આવેલ

# રાયડી ગામ પાસેથી એલ્યુમીનીયમ વાયર તથા કોપર વાયરની ચોરી

## કોન્ટ્રાકટર દ્વારા રૂા. ૩૫ હજારનાં મુદ્દામાલની ચોરીની ફરિયાદ

અમરેલી, તા. ૩૧

બાબરા તાલુકાનાં રાયપર ગામે રહેતા અને હાલ ખાંભા તાલુકાનાં રાયડી ગામથી એલ્યુમીનીયમ વાયર નાખવાનાં કોન્ટ્રાકટ રાખનાર પલવીરભાઈ કાનાભાઈ ચાવડાએ અજાણ્યા ઈસમો સામે ફરિયાદ નોંધાવતા જણાવ્યું છે કે, રાયડી ગામથી અર્ધા કિ.મી. સુધી થાંભલા ઉભા કરી તેની વચ્ચે એલ્યુમીનીયમ વાયર પાથરેલ ૭૦૦ મીટર તથા ૨ મીટર વાયર મળી કુલ રૂપિયા ૩૫૦૦૦નો મુદામાલ કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી લઈ ગયાનું જણાવેલ છે.

# સાવરકુંડલામાં જુગાર રમતા ૬ પત્તાપ્રેમીઓ ઝડપાયા



સાવરકુંડલા, તા. ૩૧

સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એસ.એમ. સોની તથા ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર જે.કે. મોરીની સુચના અને માર્ગદર્શન હેઠળ સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ દ્વારા ચોક્કસ બાતમી આધારે સાવરકુંડલાના શ્રમજીવીનર વિસ્તારમાં રામાપીરના મંદિર સામેની શેરીમાં જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા મંગળભાઈ ભાણભાઈ વીંછીયા રહે. સાવરકુંડલા સહિત ૬ પતા પ્રેમીઓને રોકડા રૂા. ૧૭૨૮૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી મજકુર આરોપીઓ વિરૂધ્ધમાં સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં જુગાર ધારાની કલમ હેઠળ ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

સ્થાનિક ચીફ કોર્ટનો આદેશ

# અમરેલીનાં વેપારી પ્રકાશ અજીતરાય કાણકીયાને ચેક રીટર્ન કેસમાં એક વર્ષની સાદી સજા

## ફરિયાદ પક્ષે એડવોકેટ જયેશ પી. ત્રિવેદીની દલીલો સફળ રહી

અમરેલી, તા. ૩૧

અમરેલીનાં એલઆઈસી ઓફિસનાં નિવૃત કર્મચારી ભુપેન્દ્ર નાનાલાલ અટારા રે, અમરેલીવાળાએ પ્રકાશ ટ્રેડીંગના પ્રકાશ અજીતરાય કાણકીયાને રૂા. ૫,૦૦,૦૦૦ આપેલા જે રકમ પરત માગતા આરોપી પ્રકાશ અજીતરાય કાણકીયાએ તેમનાં ખાતાનો રૂા. ૫,૦૦,૦૦૦ નો ચેક આપેલ જે ચેક પરત ફરતા આરોપી પ્રકાશ અજીતરાય કાણકીયા વિરૂધ્ધ



એડવોકેટ જયેશ પી. ત્રિવેદી

ફરિયાદી ભુપેન્દ્ર નાનાલા અટારાએ ચેક રીટર્નની ફરિયાદ ચીફ કોર્ટમાં કરતા તે કેસનાં કામે કોર્ટ દ્વારા આરોપી પ્રકાશ અજીતરાય કાણકીયાને એક વર્ષની સાદી કેદની સજા તથા ચેકની દોઢી રકમ રૂા.૭,૫૦,૦૦૦ ચુકવવાનો કોર્ટ દ્વારા હુકમ કરેલ છે.

આ કેસમાં ફરિયાદીનાં વકિલ તરીકે એડવોકેટ જયેશ પી. ત્રિવેદી અમરેલીનાં રોકાયેલા હતા.

જાફરાબાદ નજીક આવેલ

# સામાકાંઠા વિસ્તારમાં ફોન નંબર માંગવાની વાત કરતા મહિલાને ૨ મહિલા સહિત ૩એ માર માર્યો

## લોખંડનાં કોયતા વડે હુમલો કરી ૧૮ ટાંકા જેટલી ઈજા કરી

અમરેલી, તા. ૩૧

જાફરાબાદનાં સામાકાંઠા વિસ્તારમાં રહેતા છનીબેન સંજયભાઈ સોલંકી નામની ૩૦ વર્ષિય મહિલાએ તે જ વિસ્તારમાં રહેતા રસીલાબેન ધનજીભાઈ સોલંકીને કહેલ કે તારો પતિ મારી સાથે વાત કરવા ફોન નંબર માંગતો હતો. જે બાબતનું મનદુઃખ રાખી સામાવાળા ધનજીભાઈ નાથાભાઈ સોલંકી તથા ૨ મહિલા સહિત ૩ ઈસમોએ લોખંડનાં કોયતા વડે છનીબેન ઉપર હુમલો કરી હોઠ તોડી નાખી તથા ૧૮ જેટલા ટાંકા આવે તેવી ઈજા કર્યાની ફરિયાદ જાફરાબાદ મરીન પોલીસમાં નોંધાઈ છે.

જિલ્લા પોલીસ વડાની સુચનાથી

# ભીમ અગીયારસનાં તહેવાર પૂર્વે ૧૨ સ્થળોએ પોલીસે દરોડા પાડી બાવન પત્તાપ્રેમીઓને ઝડપી લીધા

## અલગ અલગ સ્થળોએથી રૂા. ૮૬૪૦૦નો મુદ્દામાલ કબ્જે લેવાયો

અમરેલી, તા. ૩૧

ભીમ અગીયારસનાં તહેવા પૂર્વે તા. ૩૦ નાં રોજ અમરેલી જિલ્લામાંથી પોલીસે ૧૨ જેટલા સ્થળોએ અલગ અલગ દરોડા પાડી જાહેરમાં જુગાર રમતા પર પતાપ્રેમીઓને રોકડ રકમ રૂા. ૯૬૪૦૦નાં મુદામાલ સાથે ઝડપી લેવાયા હતા.

ચલાલા પોલીસ તાબાના વાવડી ગામેથી ૪ ઈસમો રૂા. ૬૧૯૦ની મતા સાથે, લાઠીનાં ટોડા ગામેથીસ ૫ ઈસમો રોકડ રકમ રૂા. ૧૯૫૦ સાથે, અમરેલી તાલુકાનાં જાળીયામાંથી ૩ ઈસમો રોકડ રકમ રૂા. ૧૦૧૪૦ સાથે, બાબરાનાં લાલકા ગામેથી ૬ ઈસમો રૂા. ૧૨૧૫૦ સાથે, ધારી તાલુકાનાં કીકરીયા ગામેથી ૭ ઈસમોને રોકડ રકમ રૂા. ૧૩૧૨૦ની મતા સાથે તથા સરસીયા રોડ ઉપરથી ૪ ઈસમોને રૂા. ૧૨૫૬૦ની મતા સાથે, સાવરકુંડલાનાં વિજયાનગર ગામેથી ૭ ઈસમોને ૧૮૪૮૦ સાથે જયારે વંડા ગામેથી ૩ ઈસમોને રૂા. ૨૨૬૦ તથા અમરેલી સીટીમાં કુલ ૯ ઈસમોને રૂા. ૯૧૬૦ તથા બગસરા તાલુકાનાં હામાપુર ગામેથી ૪ ઈસમોને રોકડ રકમ રૂા. ૧૦૩૯૦ સાથે ઝડપી લઈ જે તે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે.

# લાઠી : ભીંગરાડ ખાતે જુગાર રમતા ૬ પત્તાપ્રેમીઓ ઝડપાયા



અમરેલી, તા. ૩૧

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ તા. ૩૦ની રાત્રીના લાઠી પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ પેટ્રોલીંગમાં હોય. તે દરમ્યાન મળેલ બાતમી હકિકતના આધારે લાઠી તાલુકાના ભીંગરાડ ગામે જાહેરમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા ભુપેન્દ્ર અરવિંદભાઈ સાંથળા રહે. ભીંગરાડવાળા સહિત ૬ ઈસમોને જુગાર રમતા રોકડ રકમ, મોબાઈલ ફોન તથા જુગાર સાહિત્ય મળી કુલ કિંમત રૂા. ૫૪,૩૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી, તમામ ઈસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા લાઠી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

તાલુકા ભાજપ ઉપપ્રમુખે સામાજિક ન્યાય મંત્રીને પત્ર પાઠવ્યો

# બાબરા : ધો. ૧૦ પછીનાં ઉચ્ચ અભ્યાસક્રમ માટે પ્રવેશ કાર્ય પહેલા 'ફ્રીશીપ કાર્ડ' ફાળવવા માંગ

## વિદ્યાર્થીઓ અને શિક્ષણનાં હિતમાં નિર્ણય કરવો જરૂરી

બાબરા, તા. ૩૧

હાલમાં ધોરણ–૧૦ (એસ.એસ.સી.) તેમજ ધો.૧૨ નો અભ્યાસ પુરો કરી ડિપ્લો, ડિગ્રીમાં તથા ઉચ્ચ અભ્યાસ ક્રમોમાં એડમીશન મેળવતા વિદ્યાર્થીઓને ઓનલાઈન ફોર્મ ભરતી વખતે ફ્રિશીપ કાર્ડ નંબર તથા ફ્રિશીપ કાર્ડ અપલોડ કરવાની પ્રક્રિયા ઓનલાઈન ફોર્મમાં વિગતો ભરવાની હોય છે.

આ બાબતે વિદ્યાર્થીઓએ નાયબ નિયામક, અનુ.જાતિ,સમાજ કલ્યાણ ઓફિસનો સંપર્ક કરતા તેઓએ એવું જણાવવામાં આવેલ કે તમો પ્રથમ એડમીશન મેળવી લો. બાદમાં ફ્રિશીપ કાર્ડ ઈશ્યુ કરવામાં આવશે. જયારે ઓફ લાઈન એડમીશન મેળવીએ તો શાળા કોલેજો દ્વારા પ્રથમ છત્રની ફી ભર્યા બાદ એડમીશન આપવામાં આવે છે. અને તેમાં પણ જે કોલેજમાં



એડમીશન મેળવીએ તે જ પસંદગી બની જતી હોય છે.

જયારે ઓનલાઈન ફોર્મ ભરીએ અને તેમાં ફ્રિશીપ કાર્ડ નંબર તથા ફ્રિશીપ કાર્ડ અપલોડ ન કરીએ તો જયા એડમીશન મળે ત્યાં પ્રથમ છત્રની ફી શાળા કોલેજો દ્વારા લેવામાં આવે છે.

કોઈપણ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ તથા ડિગ્રી. ડિપ્લોમાં કે અન્ય અભ્યાસ ક્રમોમાં એડમીશન ઓનલાઈન ફોર્મ ભરતા પહેલા ફ્રિશીપ કાર્ડ ઈશ્યુ કરવામાં આવે તો વિદ્યાર્થીને ફીમાં એડમીશન મળી શકે અને તેને પ્રથમ છત્રની ફી ન ભરવી પડે અને તેની તે ઓનલાઈન ફોર્મમાં પોતાની પસંદગીની શાળા કોલેજ સિલેકટ કરી શકશે. જેથી પણ કોઈપણ વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ, ડિગ્રી, ડિપ્લોમાં એડમીશન મેળવવા માગતો હોય તેને ફોર્મ ભરતા પહેલા ફ્રિશીપ કાર્ડની સુવિધા આપવામાં આવે તેવી અમારી માંગણી છે. તો આ બાબતે યોગ્ય કાર્યવાહી કરી અનુ.જાતિના વિદ્યાર્થીઓને ફ્રિશીપ કાર્ડનો પુરેપુરો લાભ મળી શકે તે માટે યોગ્ય કાર્યવાહી કરવા પગલા લેવા બાબરા તાલુકા ભાજપ ઉપપ્રમુખ કિરીટભાઈ બગડાએ સામાજિક ન્યાય મંત્રી ભાનુબેન બાબરીયાને પત્ર પાઠવીને રજુઆત કરેલ છે.

# હાથસણી ગામનું ગૌરવ વધારતા બોરીસાગર ઋષિતાબેન વિપુલભાઈ

સાવરકુંડલા, તા.૩૧


સાવરકુંડલા તાલુકાનાં હાથસણી ગામનાં બોરીસાગર ઋષિતાબેન વિપુલભાઈએ માર્ચ–૨૩માં લેવાયેલ ધો.૧૨ ની પરીક્ષામાં સામાન્ય પ્રવાહ (આટ્ર્સ)માં અથાંક મહેનત થકી કુલ ૭૦૦ માંથી ૫૪૯ માર્કસ મેળવી ૯૪.૨૮ પી.આર. સાથે ઉતીર્ણ થઈ જલવંત સફળતા મેળવી સમગ્ર બોરીસાગર પરિવાર અને હાથસણી ગામનું ગૌરવ વધારેલ છે.



શાળા પરિવારની જહેમત રંગ લાવી

# ચલાલા : ગાયત્રી સંસ્કાર વિદ્યાલયનું ધો.૧૦માં ઝળહળતું પરિણામ

## પ્રકાશ વાળા, ભટ્ટી યોહન, રાજયગુરૂ જગદત અગ્રેસર



ચલાલા, તા. ૩૧

માર્ચ ૨૦૨૩માં ધોરણ ૧૦માં ગાયત્રી સંસ્કાર વિદ્યાલયમાં અભ્યાસ કરતા પ્રકાશ વાળા–૯૯.૮૮ પ્રથમ, ભટ્ટી યોહન–૯૯.૦૨ દ્વિતિય, રાજયગુરૂ જયદત– ૯૬.૪ માર્કસ તૃતિય સ્થાન મેળવી શાળા, પરિવાર અને સ્ટાફનું ગૌરવ વધારેલ છે. શાળાનાં સંચાલક મહેશભાઈ મહેતાએ જણાવ્યું હતું કે શાળાના આચાર્ય તથા સ્ટાફગણની અથાગ મહેનત અને બાળકોની ભણવાની ધગશનું આ ગૌરવવંતુ પરિણામ છે. બધા બાળકો તથા સ્ટાફગણ ખૂબ ખૂબ શુભેચ્છા તથા અભિનંદન.

### કેન્દ્રીય કેબિનેટમાં ખેડૂતોના હિતમાં લેવાયેલો મહત્વપૂર્ણ નિર્ણય

# વિશ્વની સૌથી મોટી અન્ન સંગ્રહ યોજનાને કેન્દ્ર સરકારની મંજૂરી

## આ પગલાંથી અન્નનો બગાડ અટકશે, આયાત પરની નિર્ભરતા ઘટશે અને ગ્રામીણ વિસ્તારોમાં અનાજ સંગ્રહ ક્ષમતાના વિકાસથી રોજગારી ઊભી થશે

નવી દિલ્હી, તા.૩૧

કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોને ફાયદો થાય તે હેતુથી અન્ન સંગ્રહ યોજના શરૂ કરવામાં આવી છે. કેબિનેટની બેઠક બાદ મોદી સરકારે આ નિર્ણય લીધો છે. આ યોજના ખેડૂતો માટે ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. વિશ્વની સૌથી મોટી અન્ન સંગ્રહ યોજનાને મોદી સરકારે મંજૂરી આપી છે.

કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે આ યોજના પર નિવેદન આપીને કહ્યું હતું કે આજની કેબિનેટ બેઠકમાં સહકારી ક્ષેત્રમાં વિશ્વની સૌથી મોટી ખાદ્ય સંગ્રહ યોજનાની મંજૂરી પર નિર્ણય લેવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં કુલ ૧૪૫૦ લાખ ટનની સંગ્રહ ક્ષમતા છે અને હવે સહકારી ક્ષેત્રમાં ૭૦૦ લાખ ટન સંગ્રહ ક્ષમતા શરૂ થશે. આ યોજના પર લગભગ એક લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. આ યોજના હેઠળ દરેક બ્લોકમાં ૨૦૦૦ ટન અનાજ સંગ્રહ ગોડાઉન બનાવવામાં આવશે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે આજની બેઠકમાં સીઆઈટીઆઈઆઈએસ ૨.૦ લોન્ચ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેના ભાગો સીઆઈટીઆઈઆઈએસ ૧.૦ જેવા જ રહેશે. તેના માટે ૧૮૬૬ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે આગામી પાંચ વર્ષમાં સહકારી ક્ષેત્રમાં સંગ્રહ ક્ષમતામાં ઝડપથી વધારો કરવામાં આવશે. આ પછી સંગ્રહ ક્ષમતા ૨,૧૫૦ લાખ ટન થશે. અનુરાગ ઠાકુરે તેને વિશ્વની સૌથી મોટી ફૂડ સ્ટોરેજ સ્કીમ ગણાવી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સરકારનું આ પગલું અનનો બગાડ અટકાવશે કારણ કે હાલમાં દેશમાં મોટા પ્રમાણમાં અનાજનો સંગ્રહ ક્ષમતાના અભાવે બગાડ થાય છે. આનાથી આયાત પરની નિર્ભરતા પણ ઘટશે અને ગ્રામીણ વિસ્તારોમાં અનાજ સંગ્રહ ક્ષમતાના વિકાસને કારણે ગ્રામીણ લોકો માટે રોજગારીની તકો પણ ઉભી થશે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે આજે કૃષિ અને ખેડૂત કલ્યાણ, ગ્રાહક બાબતોનું મંત્રાલય, ખાદ્ય અને જાહેર વિતરણ અને ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગ મંત્રાલયની વિવિધ યોજનાઓના સંકલન દ્વારા "સહકારી ક્ષેત્રમાં વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજના"ની સુવિધા માટે આંતર મંત્રીમંડળ સમિતિ (આઈએમસી)ના બંધારણ અને સશક્તિકરણને મંજૂરી આપી છે.

વ્યવસાયિક રીતે યોજનાના સમયબદ્ધ અને સમાન અમલીકરણને સુનિશ્ચિત કરવા માટે, સહકાર મંત્રાલય દેશના વિવિધ રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશોના ઓછામાં ઓછા ૧૦ પસંદ કરેલા જિલ્લાઓમાં એક પાયલોટ પ્રોજેક્ટ અમલમાં મૂકશે. પાયલોટ પ્રોજેક્ટની વિવિધ પ્રાદેશિક આવશ્યકતાઓમાં મૂલ્યવાન આંતરદૃષ્ટિ પ્રદાન કરશે, જેમાંથી શીખવા માટે યોજનાના દેશવ્યાપી અમલીકરણ માટે યોગ્ય રીતે સમાવિષ્ટ કરવામાં આવશે.

સહકાર પ્રધાનની અધ્યક્ષતામાં એક આંતર-મંત્રાલય સમિતિ (આઈએમસી) ની રચના કરવામાં આવશે, જેમાં કૃષિ અને ખેડૂત કલ્યાણ પ્રધાન, ગ્રાહક બાબતોના પ્રધાન, ખાદ્ય અને જાહેર વિતરણ પ્રધાન, ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગ પ્રધાન અને માર્ગદર્શિકામાં ફેરફાર કરવા સભ્યો તરીકે સંબંધિત સચિવો હશે. કૃષિ માટે ગોડાઉન વગેરે જેવી માળખાકીય સુવિધાઓના નિર્માણ દ્વારા સહકારી ક્ષેત્રમાં વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજનાની સુવિધા માટે, મંજૂર કરાયેલા ખર્ચ અને નિર્ધારિત ધ્યેયોની અંદર અને જ્યારે જરૂર પડે ત્યારે સંબંધિત મંત્રાલયોની યોજનાઓના અમલીકરણની પદ્ધતિઓ અને સંલગ્ન હેતુઓ, પસંદ કરેલ વ્યવહારુ પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (પીએસીએસ) માટે રહેશે. સંબંધિત મંત્રાલયોની ઓળખાયેલ યોજનાઓ હેઠળ પ્રદાન કરવામાં આવેલ ઉપલબ્ધ ખર્ચનો ઉપયોગ કરીને યોજના અમલમાં મૂકવામાં આવશે.

યોજનાના લાભો : આ યોજના બહુપક્ષીય છે - તેનો ઉદ્દેશ માત્ર પીએસીએસના સ્તરે ગોડાઉનની સ્થાપના કરીને દેશમાં કૃષિ સંગ્રહ માળખાની અછતને દૂર કરવાનો નથી, પરંતુ પીએસીએસને અન્ય વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે પણ સક્ષમ બનાવશે, જેમ કે:રાજ્ય એજન્સીઓ/ભારતીય ખાદ્ય નિગમ (એફસીઆઈ) માટે પ્રાપ્તિ કેન્દ્રો તરીકે કાર્ય;વાજબી ભાવની દુકાનો (એફપીએસ) તરીકે સેવા આપવી;વૈવિધ્યપૂર્ણ ભરતી કેન્દ્રોની સ્થાપના;કૃષિ પેદાશો માટે મૂલ્યાંકન, વર્ગીકરણ, ગ્રેડિંગ એકમો વગેરે સહિત સામાન્ય પ્રક્રિયા એકમોની સ્થાપના કરવી. વધુમાં, સ્થાનિક સ્તરે વિકેન્દ્રિત સંગ્રહ ક્ષમતાનું નિર્માણ કરવાથી અનાજનો બગાડ ઘટશે અને દેશની ખાદ્ય સુરક્ષા મજબૂત થશે. ખેડૂતોને વિવિધ વિકલ્પો પૂરા પાડીને, તે પાકના વેચાણને નુકસાન અટકાવશે, આમ ખેડૂતોને તેમની પેદાશોના વધુ સારા ભાવો પ્રાપ્ત કરવામાં સક્ષમ બનાવશે. તે ખાદ્યપદાર્થોના પ્રાપ્તિ કેન્દ્રો સુધી પરિવહન કરવા અને વેરહાઉસથી FPS પર સ્ટોકને ફરીથી પરિવહન કરવા માટે થતા ખર્ચમાં ભારે ઘટાડો કરશે. 'સંપૂર્ણ-સરકારી' અભિગમ દ્વારા, યોજના પીએસીએસને તેમની વ્યવસાયિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય લાવવા સક્ષમ બનાવીને મજબૂત કરશે, આમ ખેડૂત સભ્યોની આવકમાં પણ વધારો થશે.

સમયમર્યાદા અને અમલીકરણની રીતઃ કેબિનેટની મંજૂરીના એક સપ્તાહની અંદર રાષ્ટ્રીય સ્તરની સંકલન સમિતિની રચના કરવામાં આવશે. કેબિનેટની મંજૂરીના ૧૫ દિવસમાં અમલીકરણ માર્ગદર્શિકા જારી કરવામાં આવશે. સરકાર સાથે પીએસીએસના જોડાણ માટેનું એક પોર્ટલ. કેબિનેટની મંજૂરીના ૪૫ દિવસની અંદર ભારત અને રાજ્ય સરકારો અમલમાં આવશે. કેબિનેટની મંજૂરીના ૪૫ દિવસમાં પ્રસ્તાવનો અમલ શરૂ થશે.

### ફુલવારી શરીફ કેસમાં પીએફઆઈ પર તવાઈ

# ત્રણ રાજ્યોમાં પીએફઆઈના ૨૫ સ્થળે એનઆઈએના દરોડા

## નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીની ટીમે કર્ણાટક, કેરળ અને બિહારમાં અલગ-અલગ સ્થળોએ કાર્યવાહી કરી

નવી દિલ્હી, તા.૩૧

ફુલવારી શરીફ કેસમાં પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા પર નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી ફરી એકવાર એક્શન મોડમાં આવી ગઈ છે. એનઆઈએએ આજે ત્રણ રાજ્યોમાં પીએફઆઈના ૨૫ સ્થળો પર દરોડા પાડ્યા છે. એનઆઈએની ટીમ કર્ણાટક, કેરળ અને બિહારમાં અલગ-અલગ સ્થળોએ કાર્યવાહી કરી રહી છે.

એનઆઈએપ્રતિબંધિત સંગઠન પીએફઆઈઅને તેની સાથે જોડાયેલા લોકો વિરુદ્ધ કર્ણાટક, બિહાર અને કેરળમાં સર્ચ ઓપરેશન ચલાવી રહી છે. તપાસ એજન્સી બિહારના કટિહારમાં મોહમ્મદ નદવી અને તેની સાથે જોડાયેલા લોકો સામે પણ કાર્યવાહી કરી રહી છે. મોહમ્મદ નદવી પીએફઆઈસાથે લાંબા સમયથી સંકળાયેલા છે. આ સાથે તપાસ એજન્સીની ટીમ પણ યુસુફ ટોલા સુધી પહોંચી ગઈ છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ, ફુલવારી શરીફ કેસમાં સૌથી મોટો દરોડા કર્ણાટકમાં પાડવામાં આવી રહ્યા છે. કર્ણાટકમાં પીએફઆઈના ૧૬ સ્થળો પર આ કાર્યવાહી ચાલી રહી છે. બિહારના ફુલવારી શરીફમાં પીએફઆઈનો ૨૦૪૭ નામનો દસ્તાવેજ સામે આવ્યો છે. એનઆઈએના દાવા મુજબ દેશની સત્તા પર કબજો કરવાની યોજના આ દસ્તાવેજમાં જણાવવામાં આવી હતી. દરોડા દરમિયાન સ્થળ પર સુરક્ષા વ્યવસ્થાને જોતા સ્થાનિક હસનગંજ પોલીસની ટીમ અને અર્ધ સૈન્ય દળોની ટીમ કડક સુરક્ષા માટે હાજર છે.

### કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયનો મોટો નિર્ણય

# હવે ઓટીટી પ્લેટફોર્મ પર પણ તમાકુ વિરોધી ચેતવણી બતાવવી પડશે

## ઓનલાઈન કન્ટેન્ટ પબ્લિશર નવા નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ જશે તો સરકાર દ્વારા કાર્યવાહી કરાશે

નવી દિલ્હી, તા.૩૧

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે ઓટીટીપ્લેટફોર્મ પર તમાકુ વિરોધી ચેતવણીઓ માટે નવા નિયમોની નોટિફિકેશન જાહેર કરી છે. આ નોટિફિકેશનમાં ઓટીટીપ્લેટફોર્મ માટે કન્ટેન્ટમાં તમાકુ વિરોધી ચેતવણી સંદેશા દર્શાવવાનું ફરજિયાત બનાવાયું છે. તેમાં કહેવામાં આવ્યું છે કે જો ઓનલાઈન કન્ટેન્ટ પબ્લિશર નવા નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ જશે તો કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય અને માહિતી અને પ્રસારણ મંત્રાલય કડક કાર્યવાહી કરશે.

વર્લ્ડ નો ટોબેકો ડે પર સ્વાસ્થ્ય મંત્રાલયે આ સૂચના જારી કરી છે. ત્યારબાદ નેટફ્લિક્સ, એમેઝોન પ્રાઈમ, હોટસ્ટાર અને સોની લિવ જેવા તમામ ઓટીટીપ્લેટફોર્મ માટે કન્ટેન્ટ સાથે તમાકુ વિરોધી ચેતવણીઓ દર્શાવવી ફરજિયાત રહેશે. સિનેમા હોલ અને ટેલિવિઝન ચેનલોમાં ફિલ્મ અને ટેલિવિઝન કાર્યક્રમની શરૂઆતમાં અને મધ્યમાં ઓછામાં ઓછી ત્રીસ સેકન્ડની તમાકુ વિરોધી સ્વાસ્થ્ય ચેતવણી પ્રદર્શિત કરવી પહેલેથી જ ફરજિયાત છે. નવા નિયમ મુજબ, તમાકુ ઉત્પાદનો અથવા તેનો ઉપયોગ દર્શાવતા ઓનલાઈન કન્ટેન્ટના પ્રકાશક પાસે તમાકુ વિરોધી સ્વાસ્થ્ય જાગૃતિ માટે કાર્યક્રમની શરૂઆતમાં અને મધ્યમાં ઓછામાં ઓછી ત્રીસ સેકન્ડની જગ્યા હોવી જોઈએ. ઓટીટી પ્લેટફોર્મ તમાકુ ઉત્પાદનોના પ્રદર્શન અથવા પ્રોગ્રામમાં તેમના ઉપયોગના સમયગાળા દરમિયાન સ્ક્રીનના તળિયે એક અગ્રણી સ્થિર સંદેશ તરીકે તમાકુ વિરોધી સ્વાસ્થ્ય ચેતવણી પણ પ્રદર્શિત કરશે.

### દક્ષિણ પશ્ચિમ ચોમાસાએ ૨૯ મેના રોજ વેગ પકડ્યો

# દેશના મોટાભાગના વિસ્તારોમાં ૧૫ જૂનથી ચોમાસુ બેસશે

## ૧ જૂને કેરળ- તમિલનાડુમાં, ૧૫ જૂનથી ગુજરાત, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશના કેટલાક વિસ્તારમાં ચોમાસુ શરૂ થશે

નવી દિલ્હી, તા.૩૧

૧૯ મેથી આંદામાન અનેનિકોબાર ટાપુઓ પર અટવાયેલા દક્ષિણપશ્ચિમ ચોમાસાએ ૨૯ મેના રોજ વેગ પકડ્યો હતો. ૧૫ જૂનથી દેશના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ શરૂ થવાની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, સામાન્ય ગતિએ આગળ વધતા, ચોમાસાએ ૨૨ થી ૨૬ મે દરમિયાન આંદામાન અને નિકોબાર ટાપુઓ પાર કરીને બંગાળની ખાડીમાં આગળ વધવું જોઈતું હતું, પરંતુ ચોમાસું ૩૧ મેના રોજ એ સ્થિતિમાં પહોંચ્યું છે. આમ એ સામાન્ય કરતાં લગભગ એક સપ્તાહ મોડું ચાલી રહ્યું છે.

ચોમાસાની ગતિને જોતા અનુમાન છે કે ૧ જૂને કેરળ અને તમિલનાડુમાં ચોમાસાનો વરસાદ શરૂ થશે, ૫ જૂન સુધીમાં કર્ણાટક, આંધ્રપ્રદેશ અને પૂર્વોત્તરમાં વરસાદ પડશે. ચોમાસું ૧૦ જૂન સુધીમાં મહારાષ્ટ્ર અને તેલંગાણા પહોંચી જશે. ૧૫ જૂનથી ગુજરાત, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, ઓડિશા, બંગાળ, બિહાર અને ઉત્તર પ્રદેશના મોટાભાગના વિસ્તારોમાં ચોમાસાનો વરસાદ શરૂ થશે. ૨૦ જૂનથી રાજસ્થાન, હરિયાણા, પંજાબ, ઉત્તરાખંડ, હિમાચલ અને જમ્મુ-કાશ્મીરમાં વરસાદ પડશે. ચોમાસાનો આ તબક્કો ૮મી જુલાઈ સુધી ચાલુ રહેશે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી પાંચ દિવસ સુધી સમગ્ર ઉત્તર પશ્ચિમ ભારતમાં ૫૦-૭૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. આ સિવાય કેટલીક જગ્યાએ ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે.

ખાસ કરીને રાજસ્થાન, હિમાચલ અને જમ્મુ-કાશ્મીરમાં ભારે વરસાદ પડી શકે છે. આ દરમિયાન, ઉત્તર પશ્ચિમ ભારતમાં મોટાભાગના સ્થળોએ મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસથી નીચે રહેશે. ૧ થી ૩ જૂનની વચ્ચે બિહાર સહિત ગંગાના મેદાનોમાં ગરમીનું મોજું પ્રવર્તી શકે છે.

### કમોસમી વરસાદના કારણે ઘટ્યો કેસર કેરીનો ભાવ

# કેસર કેરી ૫૦૦થી ૭૦૦ રૂપિયાની કિંમતે વેચાઈ રહી છે પેટી

અમદાવાદ, તા.૩૧

અમદાવાદ અને ગુજરાતભરમાં પડેલા કમોસમી વરસાદના કારણે, કેરીના ભાવ છેલ્લા એક દશકામાં સૌથી નીચા સ્તરે પહોંચી ગયા છે. ગુજરાતીઓની સૌથી પ્રિય કેસર કેરીના ભાવમાં અણધાર્યો ઘટાડો થયો છે. સામાન્ય રીતે ૧૦ કિલોનો બોક્સનો ભાવ ૪૫૦થી ૭૦૦ રૂપિયાની વચ્ચે રહેતો હોય છે પરંતુ સ્થાનિક અખબાર અમદાવાદ મિરરના રિપોર્ટ પ્રમાણે અમદાવાદમાં કેસર કેરીનું આ જ બોક્સ ૩૭૫ રૂપિયા જેટલા ઓછા ભાવમાં પણ મળી શકે છે. કેરીના ખેડૂતો, હોલસેલરો અને વેપારીનો મને આ અચાનક ઘટાડામાં હવામાને મોટો ભાગ ભજવ્યો છે. અમદાવાદ હોલસેલ ફ્રૂટ મર્ચન્ટ એસોસિએશનના પૂર્વ પ્રમુખ અને હોલસેલના વેપારી શ્યામ રોહરાએ જણાવ્યું હતું કે 'ગીર સોમનાથ, કચ્છ અને અમદાવાદ સહિતના ગુજરાતના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ પડતા કેસર કેરીની ખેતી પર પ્રતિકૂળ અસર પડી છે'. રોહરાએ વધુમાં જણાવ્યું હતું કે 'ફળ આવવામાં વિલંબ થતાં ફળોનો પુરવઠો આપવામાં પણ વિલંબ થયો હતો. ઉપરાંત વરસાદ પડતાં કેસર કેરી તાબડતોબ બજારમાં વેચવાની ખેડૂતોને ફરજ પડી છે'. રોહરાએ મંગળવારે ૧૦ કિલોની કેસર કેરીના બોક્સને ૩૭૫ રૂપિયાની કિંમતે વેચીને ભાવ ઘટાડામાં ફાળો આપ્યો છે. અન્ય વેપારી પણ કેસરી કેરીનું બોક્સ ૫૦૦થી ૭૦૦ રૂપિયામાં વેચવાના ટ્રેન્ડમાં જોડાયા છે. તાલાલા-ગીરના ખેડૂત અરવિંગ સહધે પ્રહલાદનગરમાં એએમસીના ખુલ્લા પાર્કિંગ વિસ્તારમાં જ્યાં કેસર મેન્ગો ફેસ્ટિવલ ચાલી રહ્યો છે ત્યાં પોતાનો સ્ટોલ લગાવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે 'આશરે ૩૦-૪૦ ટકા કેસર કેરીઓ હજુ પણ તાલાલામાં આંબા પર લટકી રહી છે'. સહધે ખુલાસો કર્યો હતો કે, કમોસમી વરસાદ ખેડૂતોને કેસરના સ્ટોકને શક્ય એટલી ઝડપથી બજારમાં લઈ જવા દબાણ કરી રહ્યું છે. પરિણામરૂપે કેસરનો ભાવ છેલ્લા ૧૦ વર્ષની સરખામણીમાં ઘટ્યો છે અને હાલ પ્રતિ બોક્સ ૫૦૦થી ૭૦૦ રૂપિયાના ભાવે વેચાય રહ્યું છે. એક મહિના પહેલા કેસર કેરીનો ૧૦ કિલોનો ભાવ ૧૨૦૦થી ૧૩૦૦ રૂપિયા હતો, જે કેરીની સીઝનની શરૂઆતમાં ગત વર્ષ કરતાં પણ ઓછો હોવાનું કહેવાતું હતું. રિપોર્ટ પ્રમાણે, તાલાલા વિસ્તારમાંથી કેસર કેરીના લગભગ ૭૦ હજાર જેટલા બોક્સ દરરોજ નીકળી રહ્યા છે, જેમાંથી આશરે ૨૦ હજાર બોક્સ અમદાવાદના કાલુપુર અને નરોડા નામના હોલસેલ ફ્રૂટ માર્કેટમાં જાય છે. આ દરમિયાન કેરીના રસિકો એ વાતથી ખુશ છે કે કચ્છની કેસર, જે તેની અનોખી મીઠાશ માટે જાણીતી છે, તે અમદાવાદમાં ધીમે-ધીમે મળવા લાગી છે. ગુજરાતના મોટાભાગના લોકો ઉનાળામાં કેસર અને હાફૂસ કેરી ખાવાનું વધારે પસંદ કરે છે અને તેથી ખેડૂતો પણ તે જ ઉગાડે છે. જો કે, છેલ્લા કેટલાક વર્ષથી ખેડૂતો પણ કેટલાક પ્રયોગો કરી રહ્યા છે. જૂનાગઢ જિલ્લાના સાસણ ગીરમાં રહેતા સુમીત શાહનવાઝની જ વાત કરીએ તો તેમણે પોતાના ખેતરમાં માત્ર કેસર અને હાફૂસ જ નહીં પરંતુ જાપાન, થાઈલેન્ડ, ઈઝરાયલ તેમજ અમેરિકામાં ઉગતી જાતોનું પણ સફળતાપૂર્વક વાવેતર કર્યું છે. આ કેરીઓનો માત્ર રંગ કે આકાર જ નહીં પરંતુ સ્વાદ પણ અલગ છે. ખેડૂતના જણાવ્યા પ્રમાણે, વિદેશમાં થતી કેરીમાં સીસીએસનું (ખાંડ) પ્રમાણ ઓછું હોય છે તેથી ડાયાબિટિસિના દર્દીઓ માટે સારું છે.

### કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અમેરિકા પહોંચી ગયા

# રાહુલને અમેરિકાના એરપોર્ટ પર બે કલાક લાઈનમાં ઊભા રહેવું પડ્યું

સાન ફ્રાન્સિસ્કો, તા.૩૧

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અમેરિકા પહોંચી ગયા છે અને તેમણે સાન ફ્રાન્સિસ્કોમાં ભારતીય સમુદાયને સંબોધન કર્યુ હતું. આ પહેલા રાહુલ ગાંધીને જોકે અમેરિકાના એરપોર્ટ પર બે કલાક લાઈનમાં ઉભા રહીને રાહ જોવી પડી હતી.

રાહુલ ગાંધી સાથે ઘણા મુસાફરોએ સેલ્ફી પણ લીધી હતી. કોમન મેનની જેમ રાહુલ ગાંધી ઈમિગ્રેશન માટેની લાઈનમાં પોતાનો વારો આવે તેની રાહ જોતા ઉભા રહ્યા હતા. લોકોએ તેમને પૂછ્યુ હતુ કે ,તમે લાઈનમાં કેમ ઉભા છો ત્યારે રાહુલ ગાંધીએ કહ્યુ હતુ કે હું એક અદનો માણસ છું અને મને આ જ રીતે વહેવાર કરવો પસંદ છે. હું હવે કોઈ સાંસદ નથી. એ પછી એરપોર્ટની બહાર નીકળેલા રાહુલ ગાંધીનો ઓવરસિઝ કોંગ્રેસના અધ્યક્ષ સામ પિત્રોડાએ સ્વાગત કર્યુ હતુ.


દિલ્હીની કોર્ટે તેમને અમેરિકાના પ્રવાસ માટે મંજૂરી આપી હતી. આ માટે તેમને આમ ભારતીયને અપાય છે તેવો પાસ પોર્ટ આપવામાં આવ્યો હતો. કારણકે સાંસદ તરીકે તેમની માન્યતા રદ થયા બાદ સાંસદને મળતો ડિપ્લોમેટિક પાસપોર્ટ તેમણે પાછો આપી દીધો હતો અને નવા પાસપોર્ટ માટે અરજી કરી હતી.

અમેરિકાના પ્રવાસ દરમિયાન રાહુલ ગાંધી ત્રણ શહેરોમાં ભારતીય સમુદાયને સંબોધન કરવાના છે. જેમાં સાન ફ્રાન્સિસ્કો ઉપરાંત વોશિંગ્ટન અને ન્યૂયોર્કનો સમાવેશ થાય છે. વોશિંગ્ટનમાં તેઓ પત્રકારો સાથે વાતચીત કરવાના છે.

### રાહુલ ગાંધીનું સાન ફ્રાન્સિસ્કોમાં ભારતીયોને સંબોધન

# મોદી ભગવાનને પણ બ્રહ્માંડમાં શું ચાલી રહ્યું છે તે સમજાવી શકે

## ભગવાન પણ ભ્રમિત થઈ જશે કે તેણે શું બનાવ્યું છે, ભારતમાં આ જ ચાલી રહ્યું છે, કેટલાક લોકો છે જે બધું જ જાણે છે



સાન ફ્રાન્સિસ્કો, તા.૩૧

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અમેરિકા પહોંચ્યા હતા. અહીં સાન ફ્રાન્સિસ્કોમાં તેઓ ભારતીયોને મળ્યા અને તેમને સંબોધ્યા હતા. આ દરમિયાન રાહુલ ગાંધીએ કહ્યું કે થોડા મહિના પહેલા અમે કન્યાકુમારીથી કાશ્મીરની યાત્રા શરૂ કરી હતી. હું પણ યાત્રામાં સામેલ હતો. અમે જોયું છે કે ભારતમાં રાજકારણના સામાન્ય સાધનો (જેમ કે જાહેર સભા, લોકો સાથે વાત કરવી, રેલી) હવે કામ કરતા નથી. રાજકારણ માટે આપણને જે સંસાધનોની જરૂર છે તે ભાજપ અને આરએસએસ દ્વારા નિયંત્રિત છે. લોકોને ધમકીઓ આપવામાં આવી રહી છે. એજન્સીઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આવી સ્થિતિમાં અમને લાગ્યું કે ભારતમાં રાજકારણ કરવું હવે સરળ નથી. તેથી અમે યાત્રા કરવાનું નક્કી કર્યું.

રાહુલ ગાંધીએ કહ્યું કે, દુનિયા એટલી મોટી છે કે કોઈ પણ વ્યક્તિ એવું વિચારી ન શકે કે તે દરેક વિશે બધું જ જાણે છે. આ એક રોગ જેવું છે કે ભારતમાં કેટલાક એવા લોકો છે જે વિચારે છે કે તેઓ બધું જ જાણે છે. મને લાગે છે કે તેઓ ભગવાન કરતાં વધુ જાણે છે. તેઓ ભગવાનની સામે બેસીને પણ તેમને સમજાવી શકે છે કે શું ચાલી રહ્યું છે. પીએમ મોદી પણ તેમાંથી એક છે.

રાહુલે કહ્યું, મને લાગે છે કે જો પીએમ મોદીને ભગવાનની સામે બેસવાનું કહેવામાં આવશે, તો તેઓ ભગવાનને સમજાવવાનું શરૂ કરશે કે બ્રહ્માંડમાં શું ચાલી રહ્યું છે. ભગવાન પણ ભ્રમિત થઈ જશે કે તેણે શું બનાવ્યું છે. ભારતમાં આ જ ચાલી રહ્યું છે.

ભારતમાં કેટલાક એવા લોકો છે જે બધું જ જાણે છે. જ્યારે તેઓ વૈજ્ઞાનિકો પાસે જાય છે, ત્યારે તેઓ તેમને વિજ્ઞાન વિશે કહે છે, જ્યારે તેઓ ઈતિહાસકારો પાસે જાય છે, ત્યારે તેઓ તેમને ઈતિહાસ વિશે જણાવે છે. તેઓ દરેકને સૈન્યને યુદ્ધ વિશે, એરફોર્સમાં ઉડાન વિશે બધું કહે છે. પણ સાચી વાત એ છે કે તેઓ કંઈ સમજતા નથી. કારણ કે જો તમે કોઈની વાત સાંભળવા માંગતા નથી તો તમે તેના વિશે કંઈપણ જાણી શકતા નથી.

રાહુલે કહ્યું, જ્યારે અમે ભારત યાત્રા શરૂ કરી ત્યારે વિચાર્યું કે જોઈશું શું થાય છે? ૫-૬ દિવસ પછી અમને સમજાયું કે હજારો કિલોમીટરની મુસાફરી સરળ નથી. મને મારા ઘૂંટણની ઈજા સાથે સમસ્યા થવા લાગી. અમારી પાસે કોઈ વિકલ્પ પણ નહોતો. અમે દરરોજ ૨૫ કિલોમીટરની મુસાફરી કરતા હતા. ત્રણ અઠવાડિયા પછી એક ચોંકાવનારી ઘટના બની. અમને સમજાયું કે અમે થાકતા નથી. મેં મારી સાથે ચાલતા લોકોને પૂછ્યું કે શું તેઓ થાકી રહ્યા છે તો લોકોએ કહ્યું કે તેઓ થાકતા નથી.

રાહુલ ગાંધીએ કહ્યું, અમને અહેસાસ થઈ ગયો હતો કે અમે એકલા મુસાફરી નથી કરી રહ્યા. આખું ભારત અમારી સાથે પ્રવાસ કરી રહ્યું છે. જ્યારે તમને લોકોનો પ્રેમ મળે છે ત્યારે તમે થાકતા નથી. જ્યારે આપણે સાથે મળીને ચાલીએ છીએ ત્યારે થાક લાગતો નથી. અમે નફરતના બજારમાં પ્રેમની દુકાન ખોલી. રાહુલે કહ્યું કે, અમારા વિશે સારી વાત એ હતી કે અમને દરેક પ્રત્યે લગાવ હતો. જે કંઈ કહેવા માંગતો હતો, તે જે કંઈ બોલે, અમે તેને સાંભળવા માગતા હતા. અમને ગુસ્સો ન હતો. અમે તેમને પ્રેમ કરતા હતા. આ પ્રકૃતિ છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે, તેઓએ (ભાજપ) અમારી ભારત જોડો યાત્રાને રોકવાનો પૂરો પ્રયાસ કર્યો. તેઓએ પોલીસ અને એજન્સીઓનો ઉપયોગ કર્યો. પરંતુ તે તેમના તમામ પ્રયાસોમાં નિષ્ફળ ગયા. તમે બધાએ અમને મદદ કરી, તેથી અમારી વિરુદ્ધ કંઈ કામ થયું નહીં. રાહુલે કહ્યું કે, જો તમારામાં ગુસ્સો, નફરત અને ઘૃણા છે તો તમારે ભાજપની સભામાં બેસવું જોઈએ. હું પણ મારા મનની વાત કરું છું. અમેરિકામાં ભારતનો ત્રિરંગો લહેરાવવા બદલ આભાર. અમેરિકાના લોકોને ભારતીય હોવાનો અર્થ શું છે તે જણાવવા માટે. તેમનો અને તેમની વિચારધારાનો આદર કરવા, તેમની પાસેથી શીખવા અને તમારી પાસેથી શીખવા માટે તેમને પ્રેરણા આપવા બદલ આપ સૌનો આભાર. તમે બધા અમારા રાજદૂત છો.

### પીએમએ છ મહિના પહેલા ભાજપ વતી ચૂંટણી પ્રચાર શરુ કર્યો

# પીએમ મોદીએ અજમેરમાં જનસભાને સંબોધિત કરીને કોંગ્રેસને ચાબખા માર્યા

## રાજસ્થાનમાં મહાજનસંપર્ક અભિયાનની શરુઆત કરીને સૌથી પહેલા પુષ્કરના બ્રહ્માના મંદિરમાં પૂજા કરી ત્યાર બાદ અજમેરમાં એક રેલીને સંબોધિત કરી હતી

જયપુર, તા.૩૧

રાજસ્થાનમાં ૨૦૨૩ના અંતમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. પીએમ મોદીએ છ મહિના પહેલા અત્યારથી ભાજપ વતી પ્રચાર શરુ કરી દીધો છે. પીએમ મોદીએ રાજસ્થાનમાં મહાજનસંપર્ક અભિયાન ની શરુઆત કરીને સૌથી પહેલા પુષ્કરના બ્રહ્માના મંદિરમાં પૂજા કરી ત્યાર બાદ અજમેરમાં એક રેલીને સંબોધિત કરી હતી.

અહીં કોંગ્રેસને ટાર્ગેટ પર લેતા પીએમ મોદીએ કહ્યું કે, તમે બધા ૨૦૧૪ પહેલાની દેશની સ્થિતિથી વાકેફ છો. આ પહેલા શહેરોમાં દરરોજ હુમલા થતા હતા. મહિલાઓ પર ઘણા અત્યાચાર થયા હતા. કોંગ્રેસ સરકારમાં પીએમની ઉપર પણ એક સુપરપાવર હતી. પીએમ મોદીનો ઈશારો સોનિયા ગાંધી સામે હતો.

પીએમ મોદીએ કહ્યું કે, ૨૦૧૪માં જનતાના એક મતથી વિકાસ નક્કી થયો હતો. તેના પરિણામે આજે સમગ્ર વિશ્વમાં ભારતના વિકાસના વખાણના વખાણ થઈ રહ્યા છે. આજે, વિશ્વના વધતા જતા નિષ્ણાતો કહી રહ્યા છે કે, આજે ભારત ઝડપથી 'અત્યંત ગરીબી'ને સમાપ્ત કરવાની દિશામાં આગળ વધી રહ્યું છે. પીએમ મોદીએ કહ્યું કે આ પરિવર્તન એક વોટથી આવ્યું છે. પીએમ મોદીએ કહ્યું કે ૫૦ વર્ષ પહેલા કોંગ્રેસે આ દેશમાં ગરીબી હટાવવાની ગેરંટી આપી હતી. કોંગ્રેસનો ગરીબો સાથેનો આ સૌથી મોટો દગો છે. ગેરંટી આપવી આ પાર્ટીની જૂની આદત છે. પીએમ મોદીએ કહ્યું, કોંગ્રેસની નીતિ રહી છે - ગરીબોને છેતરો, ગરીબોને તરસ્યા બનાવો. રાજસ્થાનની જનતાએ પણ ઘણું સહન કર્યું છે. વડાપ્રધાન મોદીએ પોતાના ભાષણ દરમિયાન રાજીવ ગાંધીના ભાષણનો પણ ઉલ્લેખ કર્યો હતો જેમાં તેમણે કહ્યું હતું કે જો સરકાર ૧ રૂપિયો મોકલતી હોય તો ૮૫ ટકા પૈસા ખવાઈ જાય છે અને ૧૫ ટકા જ જનતાના હાથમાં આવે છે. પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસના ૮૫ ટકા કમિશનની આદત જૂની છે. આ વાત ખુદ કોંગ્રેસ નેતાએ ખુલ્લા મંચ પરથી સ્વીકારી હતી.

પીએમ મોદીએ કહ્યું કે જ્યારે લૂંટની વાત આવે છે ત્યારે કોંગ્રેસ કોઈની સાથે ભેદભાવ નથી કરતી. કોંગ્રેસ દેશના દરેક નાગરિકને ... ગરીબો, શોષિતો, આદિવાસીઓ, લઘુમતીઓ, મહિલાઓ અને વિકલાંગો બધા જ સમાન રીતે લૂંટ્યાં છે.

### પીએમના આગમનને પગલે અધિકારીઓ તૈયારીઓ શરુ કરી

# ૫ જૂને PM મોદી ગુજરાત આવશે, ડ્રીમ પ્રોજેક્ટની મુલાકાત લેશે

સુરત, તા.૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી પાંચ જૂને સુરત જિલ્લાની મુલાકાત લેવાના છે. પલસાણા તાલુકાના અંત્રોલી ગામે બુલેટ ટ્રેન પ્રોજેક્ટની મુલાકાતે પીએમ મોદી આવવાના છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટ લઈને પીએમ આવનાર હોવાથી તડામાર તૈયારીઓ ચાલી રહી છે. વડાપ્રધાનના ડ્રીમ પ્રોજેક્ટ ગણાતા અને દેશની સર્વ પ્રથમ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું સુરત સ્ટોપેજ પલસાણા તાલુકાના અંત્રોલી ગામે બની રહ્યું છે. જે પ્રોજેક્ટની સંભવિત કામગીરી નિહાળવા દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી તારીખ પાંચ જુનના રોજ આવશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે અજમેરમાં જાહેર સભાને સંબોધશે. અહીંથી રાજ્યની કુલ ૪૦-૪૨ વિધાનસભા બેઠકો પર પ્રભાવ પાડવાની તૈયારી છે. અહીંથી રાજ્યની ૮ લોકસભા બેઠકો પર પ્રભાવ પાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. અજમેરમાં પીએમની જાહેરસભાને ચૂંટણી માનવામાં આવી રહી છે. કારણ કે ચૂંટણી ખૂબ નજીક આવી ગઈ છે.

આવી સ્થિતિમાં ભાજપના કાર્યકરોમાં ઉત્સાહ જગાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. તેમાંથી અનેક રાજકીય અર્થ કાઢવામાં આવી રહ્યા છે. અહીં અનેક જિલ્લાઓમાંથી ભાજપના કાર્યકરો હાજર રહેશે. એક માહિતી અનુસાર અહીં ૨ લાખથી વધુ લોકોને લાવવાની તૈયારી છે. આ માટે વિપક્ષના નેતા રાજેન્દ્ર રાઠોડ, સંગઠન મહાસચિવ ચંદ્રશેખર છેલ્લા ઘણા દિવસોથી તૈયારી કરી રહ્યા છે. છેલ્લા ઘણા દિવસોથી અજમેર વિસ્તારના તમામ મતદારોને મળવાનું કામ ચાલી રહ્યું છે.

બીજેપીના મુખ્ય પ્રવક્તા રામ લાલ શર્માએ જણાવ્યું કે પીએમ મોદી બપોરે ૩ વાગે વિશેષ વિમાન દ્વારા કિશનગઢ પહોંચશે. બપોરે ૩.૩૫ કલાકે હેલિકોપ્ટર દ્વારા પુષ્કર મંદિર પહોંચશે. પુષ્કરમાં પીએમ મોદી બ્રહ્મા મંદિરમાં અભિષેક કરશે. ત્યાર બાદ સાંજે ૪:૪૦ કલાકે હેલિકોપ્ટર દ્વારા કયાડ વિશ્રામ સ્થલી ખાતે કેન્દ્ર સરકારના ૯ વર્ષ પૂર્ણ થવા પર જનસભાને સંબોધશે અને મહા જનસંપર્ક અભિયાનની શરૂઆત કરશે. ચૂંટણીની દ્રષ્ટિએ ભાજપ માટે આ એક મહત્વપૂર્ણ રેલી અને સભા છે.

### કચ્છનું પરિણામ સૌથી ઉંચુ રહ્યું, અહીં ૮૪.૫૯ ટકા પરિણામ આવ્યું છે

# ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૭૩.૨૭% : ૧૩% ઓછું રિઝલ્ટ

### આ વર્ષે ધોરણ ૧૨ સમાન્ય પ્રવાહનું ૭૩.૨૭% પરિણામ આવ્યું છે, જો કે, ગયા વર્ષની સરખામણીએ આ વર્ષે ૧૩ ટકા પરિણામ ઓછું આવ્યું છે

અમદાવાદ, તા.૩૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થઈ ચૂક્યું છે. ધોરણ ૧૨ના બોર્ડની પરીક્ષાનું પરિણામ બોર્ડની વેબસાઈટ પર જાહેર કરી દેવામાં આવ્યું છે. સવારે આઠ વાગે આ પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. GSEBની વેબસાઈટ પર જઈને આ પરિણામ જોઈ શકાશે. ત્યારે આ વર્ષે ધોરણ ૧૨ સામન્ય પ્રવાહનું પરિણામ ૭૩.૨૭% આવ્યું છે. મહત્વનું છે કે, ગયા વર્ષની સરખામણીએ ૧૩ ટકા જેટલું રિઝલ્ટ ઓછું આવ્યું છે. તો આ વખતે છોકરાઓની સરખામણીએ છોકરીઓએ બાજી મારી છે. તો આ પરિણામ વોટ્સએપ નંબર પરથી જોઈ શકાશે. વિદ્યાર્થીઓ વોટ્સએપ નંબર ૬૩૫૭૩૦૦૯૭૧ પર પોતાનો સીટ નંબર મોકલીને પણ પરિણામ મેળવી શકશે. મહત્વનું છે કે, કચ્છ જિલ્લામાં સૌથી ઉંચુ પરિણામ જોવા મળ્યું છે. કચ્છ જિલ્લામાં ૮૪.૫૯ ટકા પરિણામ આવ્યું છે. બુધવારે વહેલી સવારે આઠ વાગ્યે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થયુ હતુ. GSEBની સત્તાવાર વેબસાઈટ પર આ પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. આ વર્ષે ધોરણ ૧૨ સમાન્ય પ્રવાહનું ૭૩.૨૭% પરિણામ આવ્યું છે. જો કે, ગયા વર્ષની સરખામણીએ આ વર્ષે ૧૩ ટકા પરિણામ ઓછું આવ્યું છે. પરંતુ આ વર્ષે છોકરા કરતા છોકરીઓએ બાજી મારી છે. બીજી તરફ, વિદ્યાર્થીઓ પોતાનું પરિણામ વોટ્સએપ નંબર ૬૩૫૭૩૦૦૯૭૧ પર પણ જોઈ શકશે. આ નંબર પર વિદ્યાર્થીઓએ પોતાનો સીટ નંબર મોકલવાનો રહેશે અને પછી પરિણામ મેળવી શકશે. તો આ વર્ષે કચ્છ જિલ્લાનું પરિણામ સૌથી વધુ છે. કચ્છ જિલ્લાનું ૮૪.૫૯ ટકા પરિણામ આવ્યું છે. સૌથી ઓછુ પરિણામ ધરાવતો જિલ્લા દાહોદ છે. દાહોદમાં ૫૪.૬૭ ટકા પરિણામ આવ્યું છે. વિદ્યાર્થીઓ પોતાનું પરિણામ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સત્તાવાર વેબસાઈટ www.gseb.org પર જોઈ શકશે. એટલું જ નહીં પોતાનું પરિણામ પણ ડાઉનલોડ કરી શકશે. પોતાનું પરિણામ જાણવા માટે વિદ્યાર્થીઓએ પોતાનો રોલ નંબર અને જન્મ તારીખ સહિતની કેટલીક વિગતો વેબસાઈટ પર નાખવી પડશે અને પછી પરિણામ જોઈ શકશે. બીજી મહત્વની વાત એ છે કે, સૌથી વધુ પરિણામ વાગધ્રા કેન્દ્રનું રહ્યું છે. અહીં ૯૫.૮૫ ટકા પરિણામ આવ્યું છે. જ્યારે સૌથી ઓછુ પરિણામ ધરાવતું કેન્દ્ર દેવગઢબારીયાનું છે. અહીં ૩૬.૨૮ ટકા પરિણામ આવ્યું છે. તો ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ૩૧૧ છે. સૌથી પહેલાં ગુજરાત બોર્ડની વેબસાઈટ www.gseb.org જવાનું રહેશે. ત્યારબાદ આર્ટ્સ અને કોમર્સ માટે HSC, ૧૨નું પરિણામ ૨૦૨૩ લિંક પર ક્લિક કરવાનું રહેશે. એ પછી લોગ ઈન થયા બાદ ઓળખપત્રો દાખલ કરવાના રહેશે. બાદમાં GSEB HSC ધોરણ ૧૨મું પરિણામ ૨૦૨૩ ડાઉનલોડ કરો અને સેવ કરો. આ સિવાય તમે આ વેબસાઈટ પરથી પરિણામની પ્રિન્ટઆઉટ પણ લઈ શકશો.

### દિલ્હી હાઈકોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો

# મહિલાઓને ભણવા કે સંતાનો વચ્ચે પસંદગીની ફરજ ન પાડી શકાય

### કોર્ટે છાત્રાને મેટરનિટી લિવનો લાભ અને જરૂરી હાજરી બાદ પરીક્ષામાં બેસવા દેવાનો પણ નિર્દેશ આપ્યો

નવી દિલ્હી, તા.૩૧

દિલ્હી હાઈકોર્ટે કહ્યું કે, મહિલાઓને ભણવા કે સંતાનો વચ્ચે પસંદગી કરવાની ફરજ પાડી શકાય નહીં. આ મહત્વની ટિપ્પણી સાથે કોર્ટે એમ.એડ.ની વિદ્યાર્થીનીને મેટરનિટી લિવનો લાભ આપવા અને જરૂરી હાજરી પુરી કર્યા બાદ પરીક્ષામાં બેસવા દેવાનો પણ નિર્દેશ આપ્યો છે.

જસ્ટિસ પુરૂષેન્દ્ર કુમાર કૌરવે તાજેતરમાં એમ.ઈડીની વિદ્યાર્થીનીની અરજી પર ચુકાદો આપતા કહ્યું કે બંધારણમાં સમાનતાવાદી સમાજની કલ્પના કરવામાં આવી છે, જેમાં નાગરિકો તેમના અધિકારોનો ઉપયોગ કરી શકે છે. સમાજની સાથે સાથે રાજ્ય પણ તેમને આ માટે પરવાનગી આપે છે. કોર્ટે વધુમાં કહ્યું કે બંધારણીય બાબતોની યોજના મુજબ, કોઈને શિક્ષણનો અધિકાર અને પ્રજનન સ્વાયત્તતાના અધિકાર વચ્ચે પસંદગી કરવાની ફરજ પાડી શકાય નહીં. મહિલા અરજદારે ડિસેમ્બર, ૨૦૨૧માં ચૌધરી ચરણ સિંહ યુનિવર્સિટીમાં બે વર્ષના એમ.ઈડીકોર્સ માટે એડમિશન કરાવ્યું હતું. ત્યારબાદ તેણે મેટરનિટી લીવ માટે યુનિવર્સિટીના ડીન અને વાઈસ ચાન્સેલરને અરજી કરી હતી. તેને ૨૮ ફેબ્રુઆરીએ ફગાવી દેવામાં આવી હતી. યુનિવર્સિટી મેનેજમેન્ટે ક્લાસમાં ફરજિયાત હાજરીના ધોરણોને પૂર્ણ કરવાના આધારે અરજદારને મેટરનિટી લિવનો લાભ આપવાનો ઈનકાર કર્યો હતો. ત્યારબાદ અરજદારે હાઈકોર્ટમાં અરજી કરી હતી.

હાઈકોર્ટે યુનિવર્સિટી મેનેજમેન્ટના ફેબ્રુઆરી ૨૦૨૩ના નિર્ણયને રદ કર્યો હતો અને અરજદારને ૫૯ દિવસની મેટરનિટી લિવનો લાભ આપવા પર પુનર્વિચાર કરવા કહ્યું હતું. સાથે જ નિર્દેશ આપ્યો કે જો આ પછી વર્ગમાં જરૂરી ૮૦ ટકા હાજરીનું ધોરણ પૂર્ણ થાય તો તેને પરીક્ષામાં બેસવા દેવામાં આવે. કોર્ટે એમ પણ કહ્યું કે, વિવિધ ચુકાદાઓમાં એવું માનવામાં આવ્યું છે કે કાર્યસ્થળે મેટરનિટી લિવનો લાભ મેળવવો એ બંધારણની કલમ ૨૧ હેઠળ સન્માન સાથે જીવવાના અધિકારનું અભિન્ન પાસું છે.

### વૈશ્વિક બજારમાં નબળાઈથી સેન્સેક્સ, નિફ્ટી તૂટ્યા

# સેન્સેક્સમાં ૩૪૭, નિફ્ટીમાં ૯૯ પોઈન્ટનો કડાકો બોલાયો

### સુઝલોન એનર્જી ૧૦% વધ્યો, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, મારુતિ, પાવરગ્રીડ, બજાજ ફાઇ. લાલ નિશાન સાથે બંધ

મુંબઈ, તા.૩૧

વૈશ્વિક બજારમાં નબળા સેન્ટિમેન્ટ વચ્ચે બુધવારે સ્થાનિક શેરબજારો ઘટાડા સાથે બંધ થયા છે. બીએસઈસેન્સેક્સ ૩૪૬.૮૯ પોઈન્ટ એટલે કે ૦.૫૫ ટકાના ઘટાડા સાથે ૬૨,૬૨૨.૨૪ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો.

એ જ રીતે, એનએસઈનિફ્ટી ૯૯.૪૫ પોઈન્ટ્સ અથવા ૦.૫૩ ટકાના ઘટાડા સાથે ૧૮,૫૩૪.૪૦ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. બુધવારે સુઝલોન એનર્જીનો શેર ૧૦ ટકાથી વધુના ઉછાળા સાથે બંધ થયો હતો. નિફ્ટીમાં ઓએનજીસીમહત્તમ ૩.૨૪ ટકા તૂટ્યો હતો.

બીએસઈસેન્સેક્સ પર એક્સિસ બેંકના શેરમાં સૌથી વધુ ૨.૪૧ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. એ જ રીતે એસબીઆઈ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં પણ બે ટકાથી વધુનો ઘટાડો નોંધાયો હતો. એ જ રીતે એચડીએફસી (એચડીએફસી), એનટીપીસી (એનટીપીસી), એચડીએફસીબેંક (એચડીએફસીબેંક),ટાટા સ્ટીલ (ટાટા સ્ટીલ), અલ્ટ્રાટેક સિમેન્ટ, ઈન્ડસઈન્ડ બેંક, બજાજ ફિનસર્વમાંએક ટકાથી વધુનુંગાબડું નોંધાયું હતું.

આ સિવાય મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, મારુતિ, આઈટીસી, પાવરગ્રીડ, ટીસીએસ, બજાજ ફાઈનાન્સ અને ઈન્ફોસીસના શેર પણ લાલ નિશાન સાથે બંધ થયા હતા.

બીએસઈસેન્સેક્સ પર ભારતી એરટેલનો શેર સૌથી વધુ ૪.૭૮ ટકાના વધારા સાથે બંધ થયો હતો. ટેક મહિન્દ્રા ૨.૦૮ ટકા, એશિયન પેઈન્ટ્સ ૧.૬૭ ટકા, સન ફાર્મા ૧.૬૦ ટકા, ટાટા મોટર્સ ૧.૪૭ ટકા, કોટક મહિન્દ્રા બેંક ૧.૦૭ ટકા અને નેસ્લે ઈન્ડિયાએ ૦.૯૨ ટકાનો વધારો નોંધાવ્યો હતો. તે જ સમયે, એચસીએલટેક, હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડ (એચયુએલ) અને વિપ્રોના શેર પણ લીલા નિશાન સાથે બંધ થયા હતા.

# ૧ જૂન : વિશ્વ દૂધ દિવસ

### દેશી કુળની ગાયનું દૂધ અમૃત સમાન



દર વર્ષે ૧ જૂનનાં રોજ વિશ્વ દૂધ દિવસ ઉજવવામાં આવે છે. સ્વાસ્થ્ય માટે દૂધ કેટલું મહત્વ રાખે છે અને ડાયટ માટે કેટલું જરૂરી છે એ વાતને સમજાવવા અને આ બાબતે લોકોને જાગરૂક કરવાના ઉદ્દેશથી આ દિવસ ઉજવવામાં આવે છે. પ્રાચીન કાળથી ગાયનો મહિમા અપરંપાર છે કહેવાતું હતું કે આપણા દેશમાં દુધની ગંગાઓ વહેતી હતી. ગાયનું દુધ અનમોલ તો હોય જ છે પણ તેમાં પણ ગીર ગાયનું દૂધ સર્વશ્રેષ્ઠ છે, પણ આધુનીકીકરણને કારણે સાત્વિકતા ઘટતી જાય છે ને ગાયોની ઉપેક્ષા વધતી જાય છે. વેદ પુરાણોમાં ગાયને કામધેનું કહેવાય છે કેમ કે તે મરે ત્યાં સુધી દૂધ આપતી રહે છે. ગાયનાં દૂધનાં અનેક ફાયદાઓ છે જેનો આધાર પણ વૈજ્ઞાનિક છે.

**૧. સ્નાયુની મજબૂતાઈ :** આપણે ભારતમાં પરંપરા છે કે આપણે શિશુઓ અને બાળકોને કાચું દૂધ આપીએ છીએ. જીવનનાં પ્રારંભિક તબક્કે તંદુરસ્ત સ્નાયુ બનાવવાની ક્રિયા થવી ખૂબ જરૂરી છે. સ્નાયુની મજબૂતાઈ માટે દૂધ શ્રેષ્ઠ ખોરાક છે. દૂધ ૨૦% વ્હેય (whey) અને ૮૦% કેસિન (casein) પ્રોટીન છે, બંને સ્નાયુઓનાં નિર્માણ માટે જવાબદાર છે.

**૨. સ્લીપ બૂસ્ટર :** દૂધમાં ટ્રિપ્ટોફેન છે જે એમિનો એસિડ છે. ટ્રિપ્ટોફેન સુસ્તીનું કારણ બને છે તેનો અર્થ એ છે કે તમે ઊંઘ અનુભવશો ! તેથી સુતા સમય પહેલાં ગરમ દૂધ ગ્લાસ ઊંઘની મજબૂત કિક આપે છે.

**૩. હાડકા મજબુત બનાવે છે :** મજબૂત હાડપિંજર જીવન જીવવા માટે જરૂરી છે. શરીરને તંદુરસ્ત શરીર ત્યારે કહેવામાં આવે છે જો તમારૂં હાડપિંજર રોજબરોજ કાર્ય કરે. હાડપિંજરને કેલ્શિયમને પસંદ છે ! અને દૂધ કેલ્શિયમનો અત્યંત સમૃદ્ધ સ્ત્રોત છે, તમારા દાંતને કેલ્શિયમની જરૂર છે. દૂધનાં કપમાં ૨૭૬ – ૩૦૦ મિલિગ્રામ (એમજી) કેલ્શિયમ છે. દૈનિક ધોરણે પુઢષો/સ્ત્રીઓમાં ૧૦૦૦ એમજી કેલ્શિયમ હોવું જોઈએ.

**૪. મગજ શકિત વધે છે :** સંશોધન બતાવે છે કે દૂધ મગજનાં જ્ઞાનાત્મક કાર્યને સુધારે છે. દૂધ વિટામિન બી–૧૨નો સ્ત્રોત છે, તેમાં બી–૧૨ સારા એવા પ્રમાણમાં હોય છે આમ દૂધ શાકાહારી લોકો માટે વરદાન છે. મગજની શકિત અને જ્ઞાનાત્મક કાર્ય માટે વિટામિન બી–૧૨ આવશ્યક છે, તે અલ્ઝાઈમર રોગને અટકાવવામાં મદદ કરે છે. તમારા મગજ માટે, કૃપા કરીને દૈનિક ઓછામાં ઓછું ૧ કપ દૂધ પીવો !

**૫. હાર્ટ એટેકથી બચાવે છે :** ગાય ઓમેગા–૩ ફેટી એસિડનું ઊંચું મૂલ્ય ધરાવે છે. ઓમેગા–૩ એચડીએલ (HDL) કોલેસ્ટેરોલ વધારે છે જે 'સારા કોલેસ્ટેરોલ તરીકે ઓળખાય છે. ઓમેગા–૩ હાનિકારક રકત ગંઠાઈ જવાથી અટકાવે છે. ઓમેગા–૩ હાઈ બ્લડ પ્રેશરવાળા લોકોનાં બ્લડ પ્રેશર સ્તર ઘટાડે છે. ટૂંકમાં, દૂધમાં આવા તત્વો છે જે હૃદય માટે ખૂબ જ સારા છે.

**૬. એસીડીટી મટાડે છે :** ગાયના દૂધમાં ઓમેગા–૩, એન્ટીઓકિસડન્ટ સંયોજનો અને પ્રોટીન જેવા પદાર્થો છે જે એસીડીટી મટાડે છે.

**૭. શરીરની ચરબી ઘટાડે છે (વજન) :** દૂધમાં લિનોલીક એસિડ (સીએલએ) છે જે શરીરમાં ચરબી બાળે છે. ડેરી કેલ્શિયમ પણ શરીરમાં વજન ઘટાડે છે. દૂધમાં વિટામીન–ડી હોય છે, જે ચરબીને બાળવામાં મદદ કરે છે.

**૮. કેન્સર નું જોખમ ઘટાડે છે :** દૂધમાં એન્ટિ–કેન્સર એજન્ટો હોય છે જે કેન્સર કોશિકાઓનાં વિકાસને અટકાવે છે. કેટલાક સંશોધન સૂચવે છે કે દૂધનો નિયમિત વપરાશ કેન્સર અટકાવે છે. આટોગો યુનિવર્સિટીનું સંશોધન અને તેના પરિણામ કહે છે કે દૂધના દૈનિક વપરાશથી આંતરડાનાં કેન્સરનું જોખમ ૩૦% જેટલું ઓછું થઈ ગયું છે. ઘણા અભ્યાસોએ જણાવ્યું છે કે ઓછી ચરબીવાળા દૂધથી અંડાશયનાં કેન્સરનું જોખમ ઓછું થયું છે. દૂધમાં રહેલું સીએલએ – કન્જેજયુટેડ લિનોલિક એસિડ એન્ટી કેન્સર એજન્ટ માટે જાણીતું છે.

**૯. ત્વચાનો મિત્ર :** પ્રાચીન સમયથી સ્ત્રીઓ ચમકતી ચામડી માટે દૂધનો ઉપયોગ કરે છે, આજનાં સમયમાં પણ લોકો હળદરની પેસ્ટ અને દૂધને ચહેરા પર ચમકતી ચામડી માટે લગાવે છે. પ્રાચીન સમયમાં રાણીઓ અને અન્ય ઉજવણી કરનારા મહિલાઓ દૂધથી સ્નાન કરતી ! દૂધ તેમની સુંદરતા માટે જવાબદાર હતું. દૂધમાં આવેલ લેકિટક એસિડ મૃત ત્વચા દૂર કરે છે.

**૧૦. મેમરી, શકિત અને બુદ્ધિ :** આયુર્વેદ અનુસાર ગાયનાં દૂધમાં ઓજ (શકિત) વધારવાનું શ્રેષ્ઠ દ્રવ્ય છે. સારા આરોગ્ય અને યાદશકિત માટે ગાયનું દૂધ શ્રેષ્ઠ છે. ગાયનું દૂધ મગજનાં એવા પ્રદેશો વિકસાવવા માટે મદદ કરે છે જે મેમરી અને બુદ્ધિ માટે જવાબદાર છે.

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

### કંગાળ પાકિસ્તાનનો વિશ્વભરમાં ફજેતો

# પાકિસ્તાને બાકી રકમ ન ચુકવતા મલેશિયાએ વિમાન જપ્ત કર્યું

કુઆલાલમ્પુર, તા.૩૧

પાકિસ્તાન કંગાળ બની ગયુ છે તે હવે આખી દુનિયા જાણી ચુકી છે અને તેના કારણે દુનિયાના બીજા દેશોમાં પાકિસ્તાનનો ફજેતો થઈ રહ્યો છે. પાકિસ્તાનના મિત્ર કહેવાતા મલેશિયાએ વિમાનની બાકી રકમની ચુકવણી પાકિસ્તાને નહીં કરી હોવાથી પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન્સનુ બોઈંગ ૭૭૭ પ્રકારનુ વિમાન જપ્ત કરી લીધુ છે. બંને દેશો વચ્ચે સારા સબંધ હોવા છતા મલેશિયાએ પાકિસ્તાનને તેની ઓકાત દેખાડી દીધી છે. એક અહેવાલ અનુસાર પાકિસ્તાને આ વિમાન લીઝ પર લીધુ હતુ અને તેના પેટે ૪ મિલિયન ડોલર ચુકવવાના હતા પણ પાકિસ્તાન તે ચુકવી નહીં શકતા મલેશિયાએ વિમાન જપ્ત કરી લીધુ છે. આ વિમાનને કુઆલાલમ્પુર એરપોર્ટ પર જ રોકી દેવામાં આવ્યુ છે. આ પહેલા સ્થાનિક કોર્ટમાંથી મલેશિયાની સરકારે જરુરી આદેશ પણ મેળવ્યો હતો. આ વિમાન મુદ્દે લાંબા સમયથી ગજગ્રાહ ચાલી રહ્યો છે. આ પહેલા ૨૦૨૧માં તેને મલેશિયાએ જપ્ત કર્યુ હતુ પણ પાકિસ્તાને રકમ ચુકવવાનુ આશ્વાસન આપતા મલેશિયાએ વિમાનને જવા દીધુ હતુ. તે વખતે વિમાનમાં ૧૭૩ યાત્રીઓ અને ક્રુ મેમ્બર્સ પણ હતા. એ પછી વિમાનને પાકિસ્તાન પાછુ લાવવામાં આવ્યુ છે. પાકિસ્તાન એરલાઈન્સ માટે એમ પણ દેશની કપરી આર્થિક સ્થિતના કારણે આકરા ચઢાણ છે. તાજેતરમાં એરલાઈન્સના પાયલોટોએ પણ પગાર નહીં થતો હોવાથી હડતાળ પર જવાની ધમકી આપી હતી.

### મહારાષ્ટ્ર સરકારે ખેડૂતો માટે મહત્વની જાહેરાત કરી

# મહારાષ્ટ્રમાં ખેડૂતો માત્ર એક રૂપિયામાં પાક વીમો લઈ શકશે

### કેંદ્ર અને રાજ્ય સરકારના મળીને કુલ ૧૨,૦૦૦ રૂપિયાની સહાય ખેડૂતોને દર વર્ષે મળી શકશે

મુંબઈ, તા.૩૧

મહારાષ્ટ્ર સરકારે રાજ્યના ખેડૂતો માટે મંગળવારે મહત્વની જાહેરાત કરી છે. નમો શેતકરી મહાસન્માન નિધિ યોજનાને કેબિનેટની બેઠકમાં લીલી ઝંડી બતાવવામાં આવી છે. મહારાષ્ટ્રના ખેડૂતો હવે પાક વીમો ૧ રૂપિયામાં લઈ શકશે.

ખેડૂતોએ પાક વીમાનું પ્રીમિયમ નહીં ચૂકવવું પડે કારણકે તેમના ભાગનું ૨ ટકા પ્રીમિયમ રાજ્ય સરકાર ચૂકવી દેશે. માર્ચ મહિનામાં રાજ્યના બજેટ વખતે આ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો, જેને મંગળવારે યોજાયેલી કેબિનેટ બેઠકમાં મંજૂરી આપવામાં આવી હતી. વીમા કંપનીઓના નફાને નિયંત્રિત કરતાં મોડલને પણ કેબિનેટે મંજૂરી આપી છે.

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું કે, "ખેડૂતોને પાક વીમા યોજના હેઠળ ફક્ત રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. તેમને પ્રીમિયમ ચૂકવવાની જરૂર નહીં પડે." આ સિવાય બજેટ વખતે કરવામાં આવેલી અન્ય એક જાહેરાતને પણ અમલમાં મૂકવાની મંજૂરી મળી ગઈ છે. નમો શેતકરી મહાસન્માન નિધિને મંજૂરી અપાઈ છે, જે અંતર્ગત ખેડૂતોને વધારાના છ હજાર રૂપિયાની સહાય ચૂકવવામાં આવે. આ યોજનાનો લાભ ૧ કરોડ જેટલા ખેડૂતોને મળશે. કેન્દ્ર સરકાર તરફથી પ્રધાનમંત્રી કૃષિ સન્માન નિધિ યોજના હેઠળ હાલ ખેડૂતોને છ હજાર રૂપિયા ચૂકવાય જ છે. એટલે હવે કેંદ્ર અને રાજ્ય સરકારના મળીને કુલ ૧૨,૦૦૦ રૂપિયાની સહાય ખેડૂતોને દર વર્ષે મળી રહેશે.

આ યોજના હેઠળ ખેડૂતોને ત્રણ હપ્તામાં રકમ ચૂકવવામાં આવશે. ૨-૨ હજારના ત્રણ હપ્તા દ્વારા ખેડૂતોના ખાતામાં રૂપિયા જમા થશે. આ યોજના અંતર્ગત મહારાષ્ટ્ર સરકારને ૬,૯૦૦ રૂપિયાનો ખર્ચ થશે. ૨૦૨૩-૨૪માં આ યોજનાના અમલ માટે સરકારે ૬,૯૦૦ રૂપિયાની રકમ ફાળવવાનું અગાઉથી જ નક્કી કરી દીધું હતું. ઉલ્લેખનીય છે કે, બજેટ સત્રમાં આ યોજના વિશે વાત કરતાં સરકારનો દાવો હતો કે, ખેડૂતોના આર્થિક સુધારામાં આ યોજનાની મહત્વની ભૂમિકા રહેશે.

આ ઉપરાંત પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન મળી રહે તે હેતુથી આગામી ત્રણ વર્ષમાં ૨૫ લાખ હેક્ટર જમીન ઓર્ગેનિક ખેતી માટે ફાળવવામાં આવશે. ૧,૦૦૦ બાયો ઈનપુટ સોર્સ સેન્ટરો સ્થાપિત કરીને ડૉ. પંજાબરાવ દેશમુખ ઓર્ગેનિક મિશનને આગળ ધપાવવાનો પ્રયાસ કરવામાં આવશે.

### તપાસમાં કોલેજ-વ્યવસ્થા પ્રણાલીમાં અનેક ત્રુટીઓ

# દેશની ૪૦ મેડિકલ કોલેજોની માન્યતા રદ, ૧૫૦ પર સરકારની ચાંપતી નજર

### સીસીટીવી, આધાર-લિંક્ડ બાયોમેટ્રિક હાજરી પ્રક્રિયા અને ફેકલ્ટીની જવાબદારી સંબંધિત અનેક ત્રુટીઓ મળી

નવી દિલ્હી, તા.૩૧

કેન્દ્ર સરકાર દ્વારા દેશની ૪૦ મેડિકલ કોલેજની માન્યતા રદ કરવામાં આવી છે. ઉપરાંત ૧૫૦ મેડિકલ કોલેજ હાલમાં સરકારની નજર હેઠળ છે. એનો અર્થ એ છે કે આ બાકીની ૧૫૦ કોલેજ પર પણ કાર્યવાહી થઈ શકે છે. આ અંગે મળતી વિગતો મુજબ તપાસ દરમીયાન આ કોલેજ તથા તેની વ્યવસ્થા પ્રણાલીમાં અનેક તૃટિઓ જોવા મળી છે. તેથી સરકાર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. નેશનલ મેડિકલ કોલેજના યુજીબોર્ડ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસના આધારે ૪૦ મેડિકલ કોલેજની માન્યતા રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સૂત્રોમાંથી મળતી વિગતો મુજબ આ કોલજો દ્વારા મહાવિદ્યાલયના નિયમોનું પાલન કરવામાં આવતું નથી. આયોગ દ્વારા કરવામાં આવેલ તપાસ અંતર્ગત સીસીટિવી કેમેરા, આધાર-લિંક્ડ બાયોમેટ્રિક હાજરી પ્રક્રિયા અને ફેકલ્ટીની જવાબદારી સંબંધિત અનેક તૃટિઓ તપાસ અંતર્ગત જાણવા મળી હતી. તેથી કેન્દ્ર સરકાર દ્વારા કડક વલણ દાખવી આવી કોલેજોની માન્યતા રદ કરવામાં આવી છે. સરકારી આંકડા મુજબ ૨૦૧૪થી દેશના મેડિકલ કોલેજીસમાં દેખીતી રીતે વધારો થયો છે. આરોગ્ય પ્રધાન ભારતી પ્રવીણ પવારે ફેબ્રુઆરીમાં રાજ્યસભામાં કહ્યું હતું કે ૨૦૧૪માં ૩૮૭ મેડિકલ કોલેજ હતાં. જોકે હવે તેની સંખ્યા ૬૯ ટકાથી વધીને ૬૫૪ થઈ છે. એમબીબીએસની બેઠકોમાં ૯૪ ટકાનો વધારો નોંધાયો છે. ૨૦૧૪માં એમબીબીએસની બેઠકો ૫૧,૩૪૮ હતી જે હવે વધીને ૯૯,૭૬૩ થઈ ગઈ છે. ઁની બેઠકોમાં ૧૦૭ ટકાનો વધારો થયો છે. જે ૨૦૧૪ પહેલાં ૩૧,૧૮૫ હતી જે હવે ૬૪,૫૫૯ થઈ ગઈ છે. કેન્દ્ર સરકાર દ્વારા જે ૪૦ કોલેજોની માન્યતા રદ કરવામાં આવી છે તેમાં ગુજરાત, આસામ, પોંડીચેર, તામીળનાડુ, પંજાબ, આંધ્ર પ્રદેશ, ત્રિપુરા અને પશ્ચિમ બંગાલ આ રાજયની કોલેજીસનો સમાવેશ છે. ઉપરાંત ૧૫૦ કોલેજીસની તપાસ હજી ચાલી રહી છે. જો તેમાં કોઈ તૃટિ દેખાશે તો તેની માન્યતા પણ રદ કરવામાં આવશે એમ કેન્દ્ર સરકાર દ્વારા સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું છે.

ત્યારે હવે પ્રશ્ન થાય છે કે જે કોલેજીસની માન્યતા રદ કરવામાં આવી છે તેમાં અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓનું શું થશે? જોકે આ અંગે કેન્દ્ર સરકાર દ્વારા હજી સુધી કોઈ જાણકારી આપવામાં આવી નથી. જોકે આ કોલેજીસ નેશનલ મેડિકસ કાઉન્સીલમાં અપીલ કરી શકે છે એ માટે સરકાર દ્વારા માર્ગ ખૂલો રાખવામાં આવ્યો છે. તેથી જો મેડિકલ કાઉન્સીલ આ કોલેજોને રાહત આપે તો વિદ્યાર્થીઓને કોઈ અડચણ નહીં થાય. પણ જો મેડિકલ કાઉન્સલ સરકારના નિર્ણય સાથે રહેશે તો કેન્દ્ર સરકારે માન્યતા રદ થયેલી કોલેજના વિદ્યાર્થીઓના ભવિષ્ય અંગે વિચારણા કરવી પડશે.

### RBI ના પૂર્વ ગવર્નરે સરકારી નીતિઓ પર સવાલ કર્યા

# કેન્દ્રની પીઆઈએલ સ્કિમ નિષ્ફળ સાબિત થઈ છે : રઘુરામ રાજન

### પીઆઈએલ યોજના હેઠળ અત્યાર સુધીમાં કેટલી નોકરીની તકો ઊભી થઈ છે તેનું મૂલ્યાંકન કરવું જોઈએ

નવી દિલ્હી, તા.૩૧

રિઝર્વ બેંક (આરબીઆઈ)ના પૂર્વ ગવર્નર રઘુરામ રાજને ફરી એકવાર ભારત સરકારની આર્થિક નીતિઓ પર શંકા વ્યક્ત કરી છે અને કેટલાક પ્રશ્નો ઉભા કર્યા છે. આ વખતે તેમનો ટાર્ગેટ કેન્દ્ર સરકારની પ્રોડકશન લિક્ડ ઈન્સેન્ટિવ સ્કીમ (પીઆઈએલ) છે અને તેમણે પૂછ્યું છે કે શું સરકારની આ યોજના નિષ્ફળ સાબિત થઈ છે.

આરબીઆઈના પૂર્વ ગવર્નર રઘુરામ રાજને કેટલાક અન્ય લેખકો સાથે એક સોશિયલ મીડિયા નોટમાં સવાલો ઉઠાવ્યા છે કે મોદી સરકારની પીઆઈએલયોજનાની સફળતાના પુરાવા શું છે જે મૂળ દેશમાં ઉત્પાદન પ્રવૃત્તિઓને વેગ આપવા માટે રજૂ કરવામાં આવી હતી. તેમણે સવાલ કર્યો છે કે શું ભારત ખરેખર એક મેન્યુફેક્ચરિંગ જાયન્ટ બની ગયું છે, જેના દાવાઓ થઈ રહ્યા છે. તેમણે લખ્યું છે કે દેશમાં મોબાઈલ ફોન મેન્યુફેક્ચરિંગના આંકડા જોયા પછી આવી ચિંતાઓ સામે આવી રહી છે, જેનો જવાબ આપવાની જરૂર છે.

કારણ કે આ સ્કીમનું ફોકસ મુખ્યત્વે દેશમાં મોબાઈલ ફોનના ઉત્પાદનને ધ્યાનમાં રાખીને રજૂ કરવામાં આવ્યું હતું. તેમની રિસર્ચ નોટમાં રઘુરામ રાજને લખ્યું છે કે ભારત મોબાઈલ ફોન ઉત્પાદન ક્ષેત્રે હજુ સુધી દિગ્ગજ બન્યું નથી, જેવી પીઆઈએલયોજનાઓના લોન્ચ સમયે અપેક્ષા રાખવામાં આવી હતી અને ઊંચા વચનો આપવામાં આવ્યા હતા. તેમની સાથે બે વધુ લેખકો રાહુલ ચૌહાણ અને રોહિત લાંબાએ ઉલ્લેખ કર્યો છે કે આ યોજના ઉત્પાદન ક્ષેત્રને પ્રોત્સાહન આપવામાં નિષ્ફળ સાબિત થઈ છે.

કેન્દ્રની મોદી સરકારે ૧.૯૭ લાખ કરોડના ખર્ચે પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ સ્કીમ (પીઆઈએલ)ની જાહેરાત કરી હતી. તેના દ્વારા દેશના વિવિધ ક્ષેત્રોમાં મેન્યુફેક્ચરિંગમાં ચેમ્પિયન બનાવવા અને સામાન્ય રોજગારીની તકો ઊભી કરવાનો દાવો કરવામાં આવ્યો હતો.

જો કે, રાજને કહ્યું છે કે કેન્દ્ર સરકારે આ યોજનાના આંકડાઓને ધ્યાનથી જોવું જોઈએ અને પીઆઈએલયોજના હેઠળ અત્યાર સુધીમાં કેટલી નોકરીની તકો ઊભી થઈ છે તેનું વિગતવાર મૂલ્યાંકન કરવું જોઈએ. અત્યાર સુધી પીએલઆઈ સ્કીમ શા માટે દેશના વિવિધ ક્ષેત્રોને ફાયદો પહોંચાડી શકી નથી અને તે કેમ કામ નથી કરી રહી - સરકારે તેના વિશે વિચારીને જવાબ આપવો જોઈએ.

એસ.એસ.આઈ.પી. 2.0 અંતર્ગત

# અમરેલી : ડો. જીવરાજ એન. મહેતા સરકારી પોલિટેકનિકમાં ચેક વિતરણ કરવામાં આવ્યાં

## તમામ ખાતાઓના વડાઓ ઉપસ્થિત રહ્યાં



અમરેલી, તા.૩૧

અમરેલી જિલ્લાનાં ગૌરવ સમાન, જિલ્લાની એકમાત્ર સરકારી પોલિટેકનિક છેલ્લા આડત્રીસ વર્ષથી અવિરત પણે હજારો વિદ્યાર્થીઓને રોજગાર લક્ષી ટેકનિકલ શિક્ષણ દ્વારા સમાજને પોતાનું અનુપમ યોગદાન આપી રહી છે.

ડો.જીવરાજ એન.મહેતા સરકારી પોલિટેકનિક કોલેજના ઓટોમોબાઈલ, સિવિલ, મિકેનિકલ તથા ઈલેકિટ્રકલ ઈજનેરી વિદ્યાશાખાનાં વિદ્યાર્થીઓને તેમનાં ઈનોવેટિવ આઈડિયાને મુર્તિમંત સ્વરૂપ આપવા એટલે કે પ્રૃફ ઓફ કોન્સેપ્ટ વિકસાવવા માટે ગુજરાત સરકારનાં શિક્ષણ વિભાગની યોજના એસ.એસ.આઈ.પી. ૨.૦ અંતર્ગત ૧૨,૫૦૦ ની સહાય રાશિનું સંસ્થાનાં આચાર્ય બી.પી.રાવલ, એસ.એસ. આઈ.પી. અધિકારી એન.ડી. ગોસ્વામી તેમજ ઈજનેરી વિદ્યાશાખાનાં વડાનાં હસ્તે ચેક વિતરણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે તમામ ખાતાનાં વડાઓ, ટીમ એસ.એસ.આઈ.પી. પ્રાધ્યાપક ગણ તેમજ સંસ્થાનાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.

# સાવરકુંડલા : વાટલિયા પરિવારનાં તેજસ્વી તારલાઓ





સાવરકુંડલા, તા.૩૧

ખડસલી સ્થિત ગિરધરભાઈ રત્નાભાઈ વાટલિયા જેઓ સ્વર્ગસ્થ લલ્લુભાઈ શેઠનાં અદના અનુયાયી અને અંતરંગ સાથી રહયા તેમનાં સુપુત્ર બટુકભાઈના પુત્ર સ્નેહલભાઈ તથા પુત્રવધુ કોમલબેનની સુપુત્રીઓએ ધોરણ-૧૨ કોમર્સમાં ઝળહળતું પરિણામ પ્રાપ્ત કર્યુ છે. તેવી ટ્વિન્સ બહેનો જેન્સી વાટલિયા તથા નેન્સી વાટલિયા અમદાવાદ, અંબા સ્કુલ ફોર એકસેલેન્સ, ''માં પરિવારનું નામ રોશન કર્યુ છે. ઉપરાંત બેન Ed નેન્સીએ કલા મહાકુંભ-૨૦૨૨-૨૩ માં સમગ્ર ગુજરાત રાજયમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી વાટલિયા પરિવારનું ગૌરવ વધાર્યુ છે.

સ્નેહલભાઈ જયંતિભાઈ વાટલિયાનાં પિતરાઈ ભાઈ થાય તથા બંને દીકરીઓ અખિલની ભત્રીજી તથા મિતેશનાં બહેન થાય. સ્વ. ગિરિધરબાપા પોતે શિક્ષણનાં ખાસ કરીને કન્યા કેળવણીનાં હિમાયતી રહયા છે.

# ભુરખીયા ગામની ધ્રુવી ત્રિવેદીએ ધો.૧૨માં ૯૫.૨૭ પી.આર. મેળવ્યા



લાઠી, તા. ૩૧

ધ્રુવી ત્રિવેદીએ ધો. ૧૨ સા.પ્ર.માં ૯૫.૨૭ પી.આર.(૭૯%) મેળવી ભુરખીયા(હનુમાનજી) ગામ અને સમસ્ત બ્રહ્મસમાજ ગૌરવ અનુભવે છે. માર્ચ-૨૩માં યોજાયેલ ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં શ્રીમતિ ઝવેરબેન મોરારજી અજમેરા ગર્લ્સ હાઈસ્કૂલ દામનગરની વિદ્યાર્થીની અને ભુરખીયા(હનુમાનજી મંદિરમાં) ગામે સેવા આપતા મહેશભાઈ ત્રિવેદીની સુપુત્રી ધ્રુવીએ ૯૫.૨૭ પી.આર. સાથે ૭૯% મેળવી પાસ થતા બ્રહ્મસમાજ ગૌરવની લાગણી અનુભવી ધ્રુવીને અભિનંદન પાઠવી રહ્યાં છે. અત્રે નોંધનીય છે કે ધ્રુવી રમત ક્ષેત્રમાં અને કોમ્પ્યુટરમાં અગ્રેસર છે.

સતત ૧૫ માં વર્ષે સુંદર પરિણામ મેળવ્યું

# અમરેલી : વિદ્યાસભા કેમ્પસમાં આવેલ ઉચ્ચ માધ્યમિક સ્કૂલની ધો. ૧૨માં ઝળહળતી સિદ્ધિઓ

## વિદ્યાર્થીઓનું સર્વોત્તમ પરિણામ એ જ સંસ્થાની સફળતા : વસંત ગજેરા





અમરેલી, તા. ૩૧

ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા ઉ.માધ્યમિક શાળા અમરેલીએ સતત ૧૫માં વર્ષે શ્રેષ્ઠ પરિણામનો દબદબો યથાવત જાળવી રાખ્યો છે. એચ.એસ.સી બોર્ડનું મે-૨૦૨૩નું પરિણામ ૭૩.૨૭% અને અમરેલી જિલ્લાનું પરિણામ ૭૬.૫૪% ત્યારે શ્રીમતિ એસ.એચ. ગજેરા ઉ.માધ્યમિક સ્કૂલ(વિદ્યાસભા) સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૦.૯૦% મેળવી તમામ વિદ્યાર્થીઓએ ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. તે પરિણામ પ્રાપ્ત કરવા માટે સામાન્ય પ્રવાહ વિભાગનાં શિક્ષકોની ટીમે તનતોડ મહેનત કરી છે. આ મહેનતને સાકાર કરવા વિદ્યાર્થીઓએ આ પરિણામ પ્રાપ્ત કરી શિક્ષકોની મહેનતને સાર્ગક કરી છે.

સૌરાષ્ટ્રની નામાંકિત સંસ્થા જે સૌથી ઓછી ફીમાં સ્માર્ટ કલાસ સાથે શ્રેષ્ઠ શિક્ષણ આપે છે. ગામડાના સામાન્ય પરિવારમાંથી આવતા તેજસ્વી વિદ્યાર્થીઓને શિક્ષણક્ષેત્રે ઝળહળતી કારકિર્દી બનાવવા હંમેશા પ્રયત્નશીલ છે. વ્યાસ નિષ્ઠા જે શાળામાં એ-૧ ગ્રેડ સાથે પ્રથમ સ્થાન મેળવ છે. જેમના પિતા સામાન્ય નોકરિયાત હોય અને આ વિદ્યાર્થીની અત્યારથી જ યુ.પી.એસ.સી.ની તૈયારી કરવાની ઈચ્છા વ્યકત કરી છે. અને દેશની સેવા માટે સીવીલ સર્વિસમાં જવા માગે છે. ધો.૧૨માં એ-૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓને ૧૦૦% ફી પરત કરી પ્રોત્સાહિત કરવામાં આવે છે. વિદ્યાર્થીઓને પહેલેથી જ બોર્ડની પરીક્ષાલક્ષી તૈયારી કરાવી સતત મૂલ્યાંકન કરવામાં આવે છે.

જેમાં એ-૧ ગ્રેડ ૧ વિદ્યાર્થી, એ-૨ ગ્રેડ ૯ વિદ્યાર્થીઓ અને ૯૦ યુ.પી. પી.આર. ૩૦ વિદ્યાર્થીઓ પ્રાપ્ત કરે છે.

આ વર્ષના તેજસ્વી તારલાઓ આ મુજબ છે. (૧) વ્યાસ નિષ્ઠા ૯૯.૯૦ એ-૧, (૨) દેસાઈ ખુશાલ ૯૯.૩૧ અ-૨, (૩) પોકળ વ્રજ ૯૮.૭૬ એ-૨, (૪) ઉંડવીયા આયુષી ૯૮.૬૧ એ-૨, (૫) કાકડીયા દેવાંગ ૯૮.૧૮ એ-૨, (૬) મોવલીયા ઘનશ્યામ ૯૭.૫૪ એ-૨, (૭) ગોદાણી ધ્રુવ ૯૭.૨૩ એ-૨, (૮) કાબરીયા મીત ૯૬.૯૨ એ-૨, (૯) પેઢડીયા શુભમ ૯૫.૮૭ એ-૨, (૧૦) ઠેસીયા ચિંતન ૯૫.૭૭ એ-૨.

પ્રમુખ વસંતભાઈ ગજેરા સતત આધુનિક શિક્ષણ મળે અને સંસ્થા ઉત્તરોતર પ્રગતિ કરે તે માટે સ્ટાફ અને સ્ટુડન્ટને સતત માર્ગદર્શન આપતા રહે છે. ટેકનોલોજી દ્વારા શિક્ષણ, એ.સી. સ્માર્ટ કલાસ અને સ્પોર્ટસ ક્ષેત્રે વિદ્યાર્થીઓ રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ અનેરી સિધ્ધી પ્રાપ્ત કરે તે માટે સ્પોર્ટસ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને પ્રેકટીસ કરાવવામાં આવે છે. તેમજ પ્રોત્સાહક ઈનામો દ્વારા તેમની સફળતાને બિરદાવવામાં આવે છે. શાળાનાં વિદ્યાર્થીઓએ અમરેલી જિલ્લાને રમત-ગમત ક્ષેત્રે અનેરું ગૌરવ અપાવ્યું છે. એચ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવીને ઉતમ પરિણામ મેળવનાર વિદ્યાર્થીઓને ઉજજવળ ભવિષ્ય માટે પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી તથા ચતુરભાઈ ખુંટ, ટ્રસ્ટીઓ તથા કેમ્પસ ડાયરેકટર હસમુખભાઈ પટેલ તથા સ્કૂલ-હોસ્ટેલ ડાયરેકટ વસંતભાઈ પેથાણી તેમજ આચાર્ય અને સ્ટાફગણે વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ પરિણામ લાવવા બદલ હૃદયપૂર્વક ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.

# સુરતની નામાંકિત ગજેરા ગૃપની શાળાનું ધો.૧૨ સા.પ્ર.નું ઝળહળતું પરિણામ




અમરેલી, તા. ૩૧

સુરત શહેરની નામાંકિત શાળા ગજેરા ગૃપ ઓફ સ્કૂલ્સનું ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની જાહેર પરીક્ષાનું ૯૧.૩૭% ઝળહળતું પરિણામ આવ્યું છે. શાળાઓમાંથી ૦૬ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. અને ૯૪ વિદ્યાર્થીઓએ એ-૨ ગ્રેડ પ્રાપ્ત કર્યો હતો. કામરેજ, સુરત પાસે આવેલ અનાથ આશ્રમ- ''વાત્સલ્યધામ સ્કુલ''નું ૧૦૦% પરિણામ મેળવ્યું છે. આ સિધ્ધિ બદલ શાળાનાં મે. ટ્રસ્ટી ચુનીભાઈ ગજેરા અને કું. કિંજલ ચુનીભાઈ ગજેરાએ તમામ બાળકો, વાલી તથા શાળાકીય સ્ટાફને અભિનંદન પાઠવ્યા છે.

# ખાંભા પંથકનાં ૭૬૫૭ બાળકોનું રસિકરણ કરાયું





ખાંભા, તા. ૩૧

ખાંભા તાલુકામાં ઝીરોથી પાંચ વર્ષનાં બાળકો રસિકરણ કાર્યક્રમમાં કુલ ૭,૬૫૭ બાળકોનું રસીકરણ કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં તાલુકા હેલ્થ ઓફિસર ખાંભા, સુપરવાઈઝર, મેડિકલ ઓફિસર તેમજ તમામ એફ.એચ. ડબલ્યુ, તમામ એમ.પી.એચ.ડબલ્યુ, તમામ સી.એચ.ઓ., આશા બહેનો, આંગણવાડી વર્કર બહેનો અને સ્વયં સેવકો દ્વારા ત્રણ દિવસીય આ રાષ્ટ્રીય કાર્યક્રમમાં ઝીરોથી પાંચ વર્ષનાં બાળકોની પોલિયો રસીકરણમાં ૭૬૫૭ બાળકોને સ્થાનિક અગ્રણીઓનાં હસ્તે તેમજ ખાંભામાં ખાંભાનાં અગ્રણી બાબાભાઈ ખુમાણ તથા જિ.પં. સભ્ય અરવિંદભાઈ ચાવડા તથા સ્થાનિક ગ્રામ પંચાયતનાં સભ્યોનાં હસ્તે પોલીયોનાં બે ટીપાં પાવામાં આવેલ.

ત્રિદિવસીય કાર્યક્રમ અંતર્ગત પ્રથમ દિવસે બુથ કામગીરી બીજા અને ત્રીજા દિવસે કર્મચારીગણ દ્વારા ઘેર ઘેર જઈને બાળકોને પોલિયોની રસીની કામગીરી કરવામાં આવેલ.

# લીલીયા મોટા ખાતે તમાકુ નિષેધ દિવસ નિમિત્તે રેલી યોજાઈ




લીલીયા, તા. ૩૧, લીલીયા મોટા ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.એમ. જોષી તથા એપિડેમિક મેડિકલ ઓફિસર ડો. એ.કે. સિંઘની સૂચનાથી તાલુકા હેલ્થ ઓફિસર ડો. એમ.એ. સિદ્ધપુરા દ્વારા, વિશ્વ તમાકુ નિષેધ દિવસની ઉજવણીના ભાગરૂપે તારીખ ૩૧/૫/૨૦૨૩ને બુધવારનાં રોજ મોટા લીલીયા ખાતે લોકો તમાકુના વ્યસનથી દૂર રહે તે માટે જનજાગૃતિ લાવવા રેલીનું આયોજન કરાયું. આ રેલીનું મામલતદાર યુ.ડી. વાઢીયા દ્વારા લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવેલ. રેલી શહેરનાં મુખ્ય માર્ગો પર ફરેલ રેલીમાં આરોગ્ય સુપરવાઈઝર, નાયબ મામલતદાર આશિષ ગોસાઈ, કોમ્યુનિટી હેલ્થ ઓફિસર, ફિમેલ હેલ્થ વર્કર, મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર, આશા બહેનો હાજર રહેલ તથા લોકો તમાકુના વ્યસનથી દૂર રહે તે માટે સુત્રોચ્ચાર કરી જન જાગૃતિ લાવેલ. સમગ્ર રેલીનું સફળ આયોજન કરવા માટે તાલુકા આરોગ્ય સુપરવાઈઝર મનસુખભાઈ માધડે ભારે જહેમત ઉઠાવેલ. પી.એસ.આઈ. એસ.આર. ગોહિલની સૂચનાથી હેડ કોન્સટેબલ બી.આઈ. ગઢવી તથા કોન્સટેબલ જીતેન્દ્રભાઈ ગંગલ દ્વારા સમગ્ર રેલીમાં પોલીસ બંદોબસ્ત જાળવવામાં આવેલ.


''અમરેલી એકસપ્રેસ''

અમારૂ ઇ-મેઇલ એડ્રેસ

''અમરેલી એકસપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ-મેઇલ એડ્રેસ

amreliexpress7@gmail.com

પર ફોટોગ્રાફસ મોકલવા.

''અમરેલી એકસપ્રેસ'' દૈનિક

જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.



શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સંચાલિત

શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર

(૧૦૦% નિઃશુલ્ક હોસ્પિટલ)

ખાદી કાર્યાલય કેમ્પસ, રેલ્વે સ્ટેશન સામે, સાવરકુંડલા. જિ. અમરેલી - ગુજરાત.

નિઃશુલ્ક મનોરોગ નિદાન - સારવાર કેમ્પ

આરોગ્ય મંદિર ખાતે અમેરીકામાં મનોવિજ્ઞાનનાં નિષ્ણાંત તરીકે સુપ્રસિદ્ધ એવા

ડૉ. રશ્મિબા જાડેજા ચૌહાણ

M.S., ADC, ICADC, LPC (અમેરીકાના વતની)

તા. 03/06/2023 થી 17/06/2023 સુધી 15 દિવસ સેવા આપશે

ગુટકા, પાન, તમાકુ જેવા વ્યસનો છોડવા માટે સલાહ-સૂચનો આપશે. મહિલાઓને ઉત્સાહ પ્રેરક માર્ગદર્શન આપશે તેમજ વિદ્યાર્થીઓનું પણ મનોવૈજ્ઞાનિક પદ્ધતિથી કાઉન્સેલીંગ કરશે

શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરની પ્રણાલિ મુજબ આ સેવા પણ નાગરિકો માટે તદ્દન **નિઃશુલ્ક** ધોરણે આપવામાં આવશે

છેલ્લા પાંચ વર્ષથી નિઃશુલ્ક સેવા આપવા બદલ અમો ડૉ. રશ્મિબા જાડેજા ચૌહાણના અંતઃકરણથી આભારી છીએ

તેઓશ્રીની આરોગ્યલક્ષી સેવાનો વધુમાં વધુ લાભ સાવરકુંડલા અને તેમની આસપાસની જનતાને લેવા અનુરોધ કરવામાં આવે છે

નામની નોંધણી કરવા માટે 9898643399 અથવા રૂબરૂ હોસ્પિટલનો સંપર્ક કરશો.

સમય : સવાર 09:00 થી 12:00 અને બપોરે 03:00 થી 06:00 સુધી


# મોટી કુંકાવાવમાં સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે શિબિર તેમજ અન્ય પ્રતિજ્ઞા કાર્યક્રમ યોજાયો










મોટી કુંકાવાવ હેલ્થ કચેરી ખાતે તમાકુ નિષેધ દિનની ત્રિ-દિવસીય ઉજવણી કરવામાં આવી હતી જેમાં તાલુકા હેલ્થ ઓફિસર ડો. બલદાનિયાનાં માર્ગદર્શન હેઠળ તાલુકા હેલ્થ કચેરીમાં તાલુકા હેલ્થ સુપરવાઈઝર મગનભાઈ ભુવા દ્વારા સંકલ્પ પત્ર અને પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. તમાકુ અને તમાકુની બનાવટોથી દુર રહી વ્યસન મુકત બની જીવનને રોગમુકત નિરોગી સુખી અને ઉત્તમ બનાવવા સમાજ તમાકુનાં દુષણથી મુકત થાય તે માટે પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. આ પ્રસંગે તાલુકા ભાજપનાં કાર્યકરો યુવા સરપંચ સંજયભાઈ લાખાણી, ઉપસરપંચ દેવેન્દ્રભાઈ ચોવટીયા ગ્રામ પંચાયતનાં સભ્યો, સામુહિક, આરોગ્ય કેન્દ્રનાં અધિક્ષક ડો.નીલમબેન પોલરા, ડો.નિરાલીબેન ભાલાળા, ડો.કૃપાલીબેન ગોસાઈ આરોગ્ય તેમજ પીએચસી, સીએચસી નો તમામ સ્ટાફ હાજર રહેલ હતા. તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહયા હતા.

